શ્રીજૈનશ્વે૦ મૂ૦ પૂ૦ બોર્ડીંગના હિતાર્થે પ્રગટ થતું *Registered No. B. 876.*

# बुद्धिप्रभा.

( ધાર્મિક-સામાજીક-સાહિત્ય-નૈતિક વિષયોને ચર્ચતું માસિક. )

સંપાદક-મણીલાલ મોહનલાલ પાદરાકર.

पुस्तक ७ मुं. मार्च १९१६. वीर संवत २४४१. अंक १२ मो.

## વિષયદર્શન.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| ૧. ગણે ડાહ્યા સકળ નિજને ... | ૩૫૩ |
| ૨. સુખ સંબંધી વિચાર ... | ૩૫૩ |
| ૩. જપાનની આશ્ચર્યકારક ઉન્નતિ ... | ૩૫૬ |
| ૪. જૈન અને જૈનેતર ગુજરાતી ભાષા ... | ૩૫૮ |
| ૫. જર્મન દેશનો અર્થોદય ... | ૩૬૧ |
| ૬. ઇચ્છા ... | ૩૬૭ |
| ૭. સન્યાસ અને શિષ્યવ્રત ... | ૩૭૦ |
| ૮. પ્રેમઘેલા પ્રવાસીનું પવિત્ર જીવન ... | ૩૭૨ |
| ૯. સ્વીકાર સમાચાર ... | ૩૮૪ |
| ૧૦. સરદાર સર ચીનુભાઇ માધવલાલ બેરોનેટનો દેહોત્સર્ગ... | ૩૮૫ |
| ૧૧. બોર્ડીંગ પ્રકરણ ... | ૩૮૬ |


શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ તરફથી

પ્રકાશક અને વ્યવસ્થાપક,

શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ.

નાગોરીશરાહ-અમદાવાદ.

લવાજમ-વર્ષ એકનો રૂ. ૧-૪-૦ સ્થાનિક ૧-૦-૦ છુટક દર એક નકલના બે આના.

અમદાવાદ ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

### બુદ્ધિપ્રભાના નવીન વર્ષના ગ્રાહકોને ભેટ.

## શ્રી પ્રાચીન જૈન ગ્રંથમાળાનો પ્રથમ મણકો.

(દશ પૂર્વધર શ્રી વજ્રસ્વામીના શિષ્ય ચૌદપૂર્વી શ્રી ભદ્રગુપ્તાચાર્ય વિરચિત.)

# શ્રી અધ્યાત્મ દિપિકા.

અમોને લખતાં અત્યાનંદ થાય છે કે ઉક્ત નામની ગ્રંથમાળા, "જૈન ધર્મના પ્રાચીન પૂર્વાચાર્યોકૃત ગ્રંથોનું ભાષાંતર કરી તેને જૈન સમાજના હિતાર્થે પ્રસિદ્ધ કરવા" એવા શુભ ઉદ્દેશથી પ્રગટ કરવામાં આવી છે.

તેના **પ્રકાશક શ્રી સુમતિ રત્નસૂરિ** છે કે જેઓ પાસે પૂર્વધર પૂર્વાચાર્યોકૃત અપૂર્વ પુરાતન ગ્રંથોનો સંગ્રહ છે. જે ક્રમે ક્રમે અને મદદના સદ્‌ભાવે ઉક્ત ગ્રંથમાળા તરફથી પ્રગટ કરવામાં આવશે તથા તેની વ્યવસ્થાપક–બુદ્ધિપ્રભા ઑફીસ છે.

આ ગ્રંથમાળાની શરૂઆત કરવામાં સોલાપુરના રા. રા. ત્રીભોવનદાસ છગનલાલે રૂ. ૫૦૦–૦–૦ આપવા સુચવ્યું છે તેમ બીજા પણ અન્ય સદ્‌ગૃહસ્થોએ આમાં મદદ આપવા સુચવ્યું છે.

આ ગ્રંથમાળાનો પ્રથમ મણકો તેના પ્રકાશક શ્રી સુમતિરત્ન સૂરિ તરફથી બુદ્ધિપ્રભાના ગ્રાહકોને ભેટ આપવા અમોને સુચવવામાં આવ્યું છે તે અમોને મળે અમો અમારા નવીન વર્ષના ગ્રાહકોને ભેટ આપીશું. આને માટે સૂરિજીનો અમો ખરા અંતઃકરણથી આ સ્થળે ઉપકાર પ્રદર્શિત કરીએ છીએ અને આશા રાખીએ છીએ કે હર વખત તેઓશ્રી અમારા માસિક પરત્વે આવી રીતે પોતાની ઉચ્ચ વૃત્તિ અને લાગણી સદોદિત રાખી ઉપકૃત કરશે.

આ માસિકનું રોયલ કદ, ચાર ફૉર્મ, સુંદર કાગળ છપાઈ, અને કસાયલી કલમથી વિભુષિત છતાં, એક રૂપીઆ જેવી જુજ રકમનું તેનું લવાજમ હોવાની સાથે આવા એક અમૂલ્ય અને અપૂર્વ પુસ્તકની ભેટ નવીન વર્ષના ગ્રાહકો માટે છે તો અમો આશા રાખીએ છીએ કે તેનો દરેક જૈન બંધુઓ લાભ લેવા ચુકશે નહિ. ભેટનો લાભ જુન સુધીના ત્રણ અંકો પ્રગટ થતા સુધીમાં જેઓ પોતાનું નામ ગ્રાહક તરીકે નોંધાવશે તેમને મળશે.

"વ્યવસ્થાપક" **બુદ્ધિપ્રભા.**

---


# આખરે વિજય મળ્યો.

**હીસ્ટીરીઆ (તાણ) ના દરદને કોણ જાણતું નથી?**

**હીસ્ટીરીઆ** નાની ઉમરની સ્ત્રીઓને ઘણો લાગુ પડે છે. હીસ્ટીરીઆના દરદનાં મૂળ કારણ શોધી કાઢી તેના ઉપયો ઘણા દરદીઓ ઉપર અજમાવી અમે ખાત્રી કરી છે કે હીસ્ટીરીઆનું દરદ પૂરી રીતે મટી શકે છે. હીસ્ટીરીયા ભૂત નથી.

**હીસ્ટીરીઆના** દરદ ઉપર બીજા ઉપાયો અજમાવ્યા પહેલાં અમારી સલાહ લ્યો.

**હીસ્ટીરીઆનું** દરદ અમે ખાત્રીપૂર્વક ગેરંટીથી મટાડીએ છીએ. વિશેષ હકીકતનો ખુલાસો રૂબરૂ પત્ર મારફતે કરો.

**લી. શા. વાડીલાલ ડાહ્યાભાઇ.**

**અમદાવાદ. (ઝવેરીવાડ.)**

**સુરજમલનું ડહેલું, આયુર્વેદ સિદ્ધૌષધાલય.**

# बुद्धिप्रभा.

## ( The Light of Reason )

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिग्रहद्योतकम् ।
सत्यासत्यविवेकदं भवभयभ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं ' बुद्धिप्रभा ' मासिकम् ॥

વર્ષ ૭ મું.] તા ૧૫ માર્ચ, સને ૧૯૧૬ [અંક ૧૨ મો.


## " ગણે ડાહ્યા સકલ નિજને. "

કવ્વાલિ.

જગતમાં દેખશો જ્યાં ત્યાં, ગમે તેવા પ્રસંગોમાં;
મતિની ભિન્ન દષ્ટિએ, ગણે ડાહ્યા સકળ નિજને. ૧
વિચારો પારકા જૂઠા, વિચાર્યું સત્ય પોતાનું;
અવસ્થા ભેદ દષ્ટિએ, ગણે ડાહ્યા સકળ નિજને. ૨
મગજ છે સર્વનાં જૂદાં, રૂચે ના સર્વને સરખું;
સમજતાં ચિત્ત અનુસારે, ગણે ડાહ્યા સકળ નિજને. ૩
ગણે નહિ મૂર્ખ કો કોને, કથ્યાથી મૂર્ખ સહુ બીજે;
મળેલી બુદ્ધિ અનુસારે, ગણે ડાહ્યા સકલ નિજને. ૪
જુવે ના ભૂલ કો નિજની, જણાતું પ્રાય જગ એવું;
બુદ્ધયબ્ધિ ધર્મ વ્યવહારે, ગણે ડાહ્યા સકલ નિજને. ૫

## सुख संबंधी विचार.

( ૨ )

દરેક પ્રાણીને સુખ શા માટે પ્રિય છે અને દુઃખ શા માટે અપ્રિય છે ? કારણ કે દરેક આત્મા, સ્વભાવથી અનંત અવ્યાબાધ અને આત્યંતિક એકાંત સુખનો ભોક્તા છે. દેહમાં રહેલો હોવા છતાં આત્મા પોતાનો સહજ સુખમય સ્વભાવ ભુલ્યો નથી પરંતુ તે સુખ ક્યાં છે અને કઈ દિશાએથી મેળવવું તે સંબંધી તે અનાદિકાળના, પુદ્દગલ દ્રવ્ય પ્રત્યેના મોહના લીધે ભ્રમમાં પડ્યો છે.

પુદ્દગલ દ્રવ્ય ( જડ દ્રવ્ય ) આત્માથી ભિન્ન અને પર છે. પુદ્દગલ દ્રવ્ય અને આત્માના ગુણો તદન ભિન્ન છે. કોઇ પણ કાળે આત્મા પુદ્દગલ દ્રવ્ય રૂપે પરિણમતો નથી અને પુદ્દગલ દ્રવ્ય આત્મ દ્રવ્ય રૂપે પરિણમતું નથી. જો એક દ્રવ્ય બીજા દ્રવ્ય રૂપે પરિણમતું

હોય તો એક દ્રવ્ય કારણ અને બીજું દ્રવ્ય કાર્ય બને છે. એવા પ્રસંગે કાર્ય અને કારણનો અભેદ હોવાથી તે બન્ને દ્રવ્ય ભિન્નપણે સ્વીકારી શકાય નહિ. માટીમાંથી ઘટ ઉત્પન્ન કરવામાં આવે તોપણ ઘટ માટીથી ભિન્ન છે એમ કહી શકાય નહિ. બેશક માટી પ્રથમ જે અવસ્થામાં હતી તે અવસ્થાનો તેણે ત્યાગ કર્યો છે અને જુદી અવસ્થા ધારણ કરી છે, પરંતુ આજે ફેરફાર થયો છે તે અવસ્થામાં ફેરફાર થયો છે, મુળ દ્રવ્યમાં નહિ. જો તે ઘટ ઉપર લાકડીનો પ્રહર કરી ભાગી નાખવામાં આવે તો વળી જુદી અવસ્થા વિશેષ પ્રાપ્ત થાય. જો કે એક અવસ્થાની ઉત્પત્તિ અને તે અવસ્થાનો નાશ થતાં નવિન અવસ્થાની ઉત્પત્તિ થાય છે એટલે જો કે અવસ્થાઓમાં ફેરફાર થયા કરે છે તોપણ માટી રૂપે તે દ્રવ્ય દરેક અવસ્થામાં કાયમ રહે છે. વર્તમાન અવસ્થા ભૂત અવસ્થાનું કાર્ય છે, અને ભવિષ્યમાં ઉત્પન્ન થનારી અવસ્થા વર્તમાન અવસ્થામાંથી નિરમાય છે. આ ઉપરથી સમજાયું હશે કે કાર્ય એ કારણની અવસ્થા વિશેષ છે. પરંતુ આત્મ દ્રવ્ય અને પુદ્‌ગલ દ્રવ્યમાં કાર્ય કારણ ભાવ નથી એટલે કે આત્મદ્રવ્ય એ પુદ્‌ગલદ્રવ્યની અવસ્થા વિશેષ નથી અને પુદ્‌ગલદ્રવ્ય એ આત્મદ્રવ્યની અવસ્થા વિશેષ નથી, **ઉભય એક બીજાથી તદ્દન ન્યારાં છે.**

**આ પ્રમાણે વાસ્તવિક રીતે વસ્તુ સ્થિતિ છતાં,** અનાદિકાલથી વળગેલા મોહનીય કર્મના ઉદયથી, પોતાનું સ્વભાવસિદ્ધ સ્વસ્વરૂપ ભુલી, પુદ્‌ગલરૂપી પરદ્રવ્યમાં અજ્ઞાનતાને લીધે સ્વત્વનો આરોપ કરી, પુદ્‌ગલ દ્રવ્યમાં ખરેખર સુખ નહિ છતાં, તેમાં આત્મિક સુખ હોવાની ભ્રાન્તિથી પોતાની સુખની અભિલાષા તૃપ્ત કરવા માટે પુદ્‌ગલદ્રવ્યની ઘટના વિશેષ પ્રાપ્ત કરવા દરેક સામાન્ય સંસારી જીવ અથાગ શ્રમ વેઠી સતત પ્રયત્ન કરી રહ્યો છે.

જો પુદ્‌ગલની ઘટના વિશેષમાં વાસ્તવિક સુખ હોત તો ઇચ્છિત પૌદ્‌ગલિક વસ્તુની પ્રાપ્તિથી આત્માને સુખજ મળવું જોઇએ, અને તે વસ્તુનો સંયોગ ચાલુ રહે ત્યાં સુધી તો તે સુખ, કંઇ પણ કમી જાસ્તી વિના કાયમ રહેવું જોઇએ, અને તેમાં વિરામ (સંતોષ) મળવો જોઇએ. પરંતુ આ કલ્પનાથી અનુભવ જુદો પડે છે. એક વસ્તુની અપ્રાપ્તિ કાળે તે વસ્તુની પ્રાપ્તિ થતાં જે સુખ મળવાની કલ્પના કરી હોય છે તે સુખ, તે વસ્તુ પ્રાપ્તિકાળે આપી શકતી નથી. વસ્તુના સહવાસથી તો ઉપરનો મોહ ઘટે છે અને સુખની ભ્રાન્તિ નાશ પામે છે. પરિણામ એ થાય છે કે પ્રાપ્ત વસ્તુમાં વિરામ ન મળતાં નવિન વસ્તુની પ્રાપ્તિ તરફ વૃત્તિ દોડે છે. આ ઉપરથી એવું અનુમાન થાય છે કે પૌદ્‌ગલિક વસ્તુમાં સુખનો આરોપ માત્ર ઉપચારથી છે. જો પૌદ્‌ગલિક વસ્તુમાં સુખ આપવાનો સ્વાભાવિક ગુણ હોત તો તે દરેક વખતે દરેક કાળે અને દરેક આત્માને સુખની પ્રતીતિ કરાવ્યા સિવાય રહેતજ નહિ. પરંતુ પૌદ્‌ગલિક વસ્તુથી ઉત્પન્ન થતા સુખ સંબંધમાં તેમ બનતું નથી. એક વસ્તુ એક કાળે સુખ આપે છે, તેજ વસ્તુ બીજા કાળે દુઃખ આપે છે. પુત્ર જન્મ પ્રસંગે ઉત્સવ માનનાર માણસ તેજ પુત્ર કુસંગી, મૂર્ખ નિવડતાં અગર અપંગ થતાં દુઃખનો અનુભવ કરે છે. ધન સંચયમાં સુખ બુદ્ધિ ધારણ કરનાર માણસ ચોર કે લુંટારાના હાથે પ્રાણ સંકટના ભયમાં આવી પડતાં ધનને પાપના ઉદય રૂપ ગણી ત્યાગ કરવા તત્પર થાય છે. સ્ત્રીમાં મનાયેલું સુખ પણ સ્ત્રી વ્યભિચારી અગર રોગી નિવડતાં દુઃખમાં પલટી જાય છે. એક વસ્તુ એકને સુખ આપે છે તે બીજાને દુઃખ આપે છે. સાકર મનુષ્યને મિષ્ટ સ્વાદ આપી સુખ અર્પે છે, તો તેજ સાકર ખરને વિષ બરાબર જણાઇ દુઃખ આપે છે. સ્ત્રી, પુત્ર, ધન સુખનાં સાધન ગણાય છે પણ તેજ સાધનનો ગૌતમબુદ્ધ જેવા તત્વ વિચારકે ત્યાગ કર્યો છે.

સુખ આત્માને પ્રિય છે તો પછી પૌદ્‌ગલિક વસ્તુઓના સંબંધમાં જીવોની જુદી જુદી પ્રવૃત્તિ કેમ થાય છે ? કેટલાક જીવો પૌદ્‌ગલિક વસ્તુઓને ગાઢપણે વળગી રહે છે અને કેટલાક જીવો પૌદ્‌ગલિક વસ્તુઓનો ત્યાગ કરી ચાલ્યા જાય છે. જો પૌદ્‌ગલિક વસ્તુઓમાં ખરેખર સુખ હોત તો આત્મા સુખપ્રિય હોવાથી તેમાં સુખનો આસ્વાદજ કર્યા કરત. તે વસ્તુઓથી દુર જવા તે ઇચ્છા કે પ્રયત્ન કરત નહિ. આ સઘળું બતાવી આપે છે કે ખરૂં સુખ પૌદ્‌ગલિક વસ્તુમાં નહિ પણ આત્મામાં છે.

પુદ્‌ગલ વસ્તુમાં સુખબુદ્ધિ ઉપચારથી છે એ વાત આપણે એક બાળકના દૃષ્ટાંતથી વિશેષ સ્પષ્ટ કરીશું. એક બાળક જ્યારે જન્મે છે ત્યારે તેને તેની માતા જેટલી પ્રિય હોય છે તેટલું બીજું કોઇ પ્રિય હોતું નથી. પોતાની માતા સિવાય બીજા કોઇ મનુષ્ય કે ઇતર પ્રાણીને જોતાં તે ભયની લાગણી દર્શાવે છે. આ બાળક જ્યારે જરા મોટું થાય છે ત્યારે તેનો માતા પ્રત્યેનો પ્રેમ ઓછો થઇ તેનાં પ્યારાં રમકડાં ઉપર ચોંટે છે, અને આ રમકડાંની ખાતર, પોતાની પહેલાંની વહાલી માતા સાથે વઢવાડ પણ કરવા ચુકતું નથી. કાળક્રમે નિશાળમાં જવા યોગ્ય ઉંમર થતાં રમકડાં ઉપરની આસક્તિ નટી ચોપડીઓ પ્રત્યે ઉદ્‌ભવે છે. સ્ત્રી પરણતાં અભ્યાસમાં જીવ ચોંટતો નથી. આ પ્રમાણે એક વસ્તુ ઉપરની સુખબુદ્ધિ મટી બીજી વસ્તુમાં સુખબુદ્ધિ ઉત્પન્ન થાય છે અને આવો ક્રમ દરેક મનુષ્યની જીંદગીના અનુભવમાં ચાલ્યા કરે છે. એક કાળે નવલકથાઓ પ્રિય લાગતી હોય છે તો બીજા કાળે તે કંટાળો આપનારી થઇ પડે છે અને વિજ્ઞાનનાં પુસ્તકો વાંચવાનો શોખ ઉત્પન્ન થાય છે અગર અધ્યાત્મિક વિષયોના વાંચન તરફ પ્રીતિ જાગે છે.

ખરૂં સુખ આત્મામાં છે. તે સુખ અનંત એટલે મર્યાદા અંતરહિત અને આત્યંતિક એટલે અનુપમેય છે. જો આત્મામાં અનંત આત્યંતિક સુખ ન હોત તો તે પુદ્‌ગલ પર્યાયોથી મળતા સુખથી સંતોષ પામી વિરામ પામત. પરંતુ પૌદ્‌ગલિક સુખ મેળવવા જતાં સુખ મેળવવાનો તેનો તનમનાટ વધુ અને વધુ પ્રબળતર બને છે. પાંચ રૂપિઆ મળવાની ઇચ્છા કરનારને પાંચ રૂપિઆ મળતાં, તે સંતોષની લાગણી અનુભવવાને બદલે દસ રૂપિઆની ઇચ્છા કરે છે. દસ રૂપિઆવાળો સો, સો રૂપિઆવાળો હજાર, હજાર રૂપિઆવાળો લાખ એ પ્રમાણે ઉત્તરોત્તર વધારે ને વધારે મેળવવાની ઇચ્છા વધતી જાય છે. ગમે તેટલું ધન મળે તો પણ અધુરૂં અધુરૂં લાગે છે અને આત્મા સંપૂર્ણ સંતોષ અને વિરામ અનુભવતો નથી. સુખ ભોગવવાની ઇચ્છાનું આ સ્વરૂપ વિચારતાં જણાય છે. સુખની ઇચ્છાને અંત નથી. તો તેવી ઇચ્છાના પ્રતિકારરૂપ અનંત સુખ હોવુંજ જોઇએ. હમેશાં એ તો નિયમસિદ્ધ છે કે જે વસ્તુ અસ્તિત્વમાંજ ન હોય, જે વસ્તુ અભાવરૂપજ હોય તેવી વસ્તુના માટે ઇચ્છા પ્રગટતી નથી. ઇચ્છાનું પ્રકટીકરણ, તે ઇચ્છાને તુષ્ટિ આપનાર વસ્તુનું અસ્તિત્વ બતાવી આપે છે.

દરેક જીવ અનંત સુખ મેળવવા તરફ સતત પ્રયાસ કરી રહ્યો છે પણ તે દિશા ભુલ્યો છે. પુદ્‌ગલ દ્રવ્યમાંથી અનંત સુખ મેળવવાની ઇચ્છાથી એક પુદ્‌ગલ પર્યાયને તે પકડે છે. તેનાથી સંતોષ ન મળતાં બીજાને પકડે છે. બીજાથી સંતોષ ન પામતાં ત્રીજાને પકડે છે. એમ ઉત્તરોત્તર એક પર્યાય મુકી બીજાને ગ્રહે છે; પરંતુ કોઈ પણ પૌદ્‌ગલિક વસ્તુ તેને સંપૂર્ણ સંતોષ આપી શકતી નથી. એક ઇચ્છાનો સંતોષ નવીન ઇચ્છા ઉત્પન્ન કરાવી અસંતોષ અને દુઃખ ઉત્પન્ન કરે છે, એવો પૌદ્‌ગલિક સુખનો સ્વભાવ હોવાથી, તેવા સુખથી નિર્વેદ પામી જ્યારે આત્મા, સુખ શોધવાની દિશા બદલી, આત્માભિમુખ વળે છે ત્યારે તેને ખરા અનંત

સુખનો અનુભવ થાય છે. આત્મિક અનંત સુખનો અનુભવ થયા પછી તેને તેના કરતાં વિશેષ સુખ ભોગવવાની ઇચ્છા ઉદ્દભવતિ નથી. કારણ કે આત્મિક સુખ એ આત્યંતિક સુખ છે એટલે તેના કરતાં બીજું કોઈ પણ સુખ ચઢીઆતું નથી.

આત્મામાં અવ્યાબાધ એકાંત સુખ છે. આત્મિક સુખને કોઈ પણ ઇતિર દ્રવ્ય બાધા કરી શકતું નથી તેમજ તે દુઃખમિશ્રિત નથી. કોઈ પણ વસ્તુ તે સુખમાં ખારાશ ભેળવી શકતી નથી તેમજ તે સુખ મોળું કે ફીકું પડતું નથી. પોદ્દગલિક વસ્તુમાંથી ઉત્પન્ન થતા સુખનો આધાર અનેક નિમિત્તોને લઇને છે. આત્મિક સુખનો આધાર કોઇ પણ બાહ્ય નિમિત્ત ઉપર નથી. નિમિત્તોના ફેરફારના લીધે પોદ્દગલિક વસ્તુમાંનું સુખ, ખારૂં, ફીકું કે કડવું થઇ જાય છે. પરંતુ આત્મિક સુખના સંબંધમાં તેમ બનતું નથી તેનું કારણ તે સુખ નિમિત્ત *આશ્રયી નથી;* પણ સ્વભાવસિદ્ધ છે.

---

# जापानकी आश्चर्यकारक उन्नति.

( ગતાંક પાને ૩૩૮ થી ચાલુ. )

### વન વિજ્ઞાન.

Science of Forestry.

જાપાન દેશમાં સેંકડે સત્તર ટકા જમીન વાવેતર કર્યા વિનાની પડતર રાખવામાં આવે છે. અને આમ જંગલને માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે, જાપાની લોકને જંગલ સુરક્ષિત રાખવાનો બહુ શોખ હોય છે. થોડા વખતપર એવો નિશ્ચય કરવામાં આવ્યો કે જાતિય સંપત્તિની વૃદ્ધિ માટે વન વિજ્ઞાન ( Science of forestry ) ના સિદ્ધાંતાનુસાર જંગલોનો પ્રબંધ કરવો જોઇએ. સન ૧૯૧૦ માં જાપાનમાં ૨૮૬૮૦ એકર રાજ્યનું જંગલ હતું. ૫૨૧૪૦૬૫ એકર રાજાનું પોતાનું જંગલ હતું અને ૨૦૨૮૩૩૧૭ એકર વિશેષ વ્યક્તિઓ–મ્યુનીસીપાલીટીઓ અને ધર્માદા સંસ્થાઓનું જંગલ હતું. આમ રાજ્યના જંગલમાંથી ૭૫૦૦૦૦ પોંડનો ફાયદો થાય છે. રાજાને પોતાને પોતાના જંગલોનો ૬૫૦૦૦૦૦ પોંડનો ફાયદો થાય છે. અને ત્રીજા પ્રકારના જંગલોથી પાંચ વરસમાં સેંકડે ૬૦ ટકા ફાયદો થાય છે.

જાપાને પોતાની પ્રાચીન કારીગીરીની રક્ષા તથા હુન્નરની ઉન્નતિ માટે ઘણું કર્યું છે. નવી નવી કારીગીરીઓનો ફેલાવો કરવામાં કચાશ રાખવામાં આવી નથી. રેશમના કીડા ઉછેરવાનું કામ કે જેમાં લગભગ ૨૦૦૦૦૦૦ કુટુંબો રોકાયાં છે તે ઘણા મોટા પાયાપર ચાલે છે. તેમાંથી ઉત્પન્ન થતું રેશમ વણવા માટે જાપાનમાં પાંચ છ લાખ ઘરોમાં આઠદસ લાખ આદમીઓ કામે લાગે છે. આ વણાટને માટે ઓછામાં ઓછી દસલાખ સાળો ચાલે છે. કાગળ બનાવવા માટે સાઠહજાર કારખાનાં અને ઘરમાં લગભગ એકલાખ એંશીહજાર માણસો કામ કરી રહ્યાં છે. ઘાસ–ચટાઇઓ અને ટોપલીઓ બનાવવાનું કામ વિશેષ કરીને જાપાની લોક ઘરમાંજ કરે છે. જે કારખાનાં ચાલે છે તે બધાં ઘરમાં કામ કરનારાઓને સહાય કરવા માટે છે. આને માટે આશરે ત્રણ લાખ માણસો કામ કરી રહ્યાં છે અને કંઈ નહિ તો લગભગ પાંચ લાખ પૌંડ પ્રતિવર્ષે કમાઈ શકે છે. આવા ઘરગથુ ઉદ્યોગ ઘણેભાગે ઘરકામથી પરવારી નવરી પડેલી સ્રીઓજ કરે છે. જાપાની બાળકો પણ આમાં મદદ કરે છે. આ હિસાબે

દરેક માણસ જો રોજ ત્રણ ચાર આના પેદા કરે તોપણ આ થોડી આવકવાળી આમદાનીથી કુટુંબની સંપત્તિમાં વધારો થાય છેજ.

પૂર્વે વીજળી અગર વરાળથી ચાલતાં કારખાનાં અહીં બીલકુલ નહોતાં પરંતુ છેલ્લા પચાસ વર્ષમાં ઉદ્યોગ ધંધાની આ શાખાની ઉન્નતિ અદ્‌ભૂત રીતે વધી ગઈ છે. સન ૧૯૧૨ માં ૪૬૬૨ કારખાનાંમાં સાંચાથી કપડાં વણવાનું કામ થતું હતું. ૧૧૭૫ કારખાનાં સાંચા કામ અને લોખંડની વસ્તુઓ તૈયાર કરતાં હતાં, અને પરચુરણ ચીજો તૈયાર કરવાનાં કારખાનાં ૧૨૯૫ હતાં. છપાઇનું કામ, કાગળ બનાવવાનું, લાકડાંનું, વાંસનું, ચામડાનું અને એવાં બીજાં અન્ય કામો કરવાનાં કારખાનાંઓ પણ સંખ્યાબંધ હતાં. એકંદર વીજળીક બળથી ચાલતાં ૬૨૫૫ કારખાનાંમાં ૮૦૦૬૩૭ પુરૂષો તથા સ્ત્રીઓ કામ કરતાં હતાં. આ કારખાનાનાં સાંચા કામ ચલાવવા ૨૩૪૦૦૦ હૉર્સ પાવર (ઘોડાની શક્તિ) ખર્ચાતી હતી. જાપાનના વેપારનું અનુમાન એટલાપરથી થઈ શકશે કે સન ૧૯૧૦ માં ૪૫૮૪૨૮૯૯૬ *એનનો માલ દેશમાંથી બહાર મોકલવામાં આવ્યો અને ૯૨૨૬૨૨૮૦૪ એનનો માલ બહારથી જાપાનમાં લાવવામાં આવ્યો હતો.

સામુદ્રીક ( દરીઆઇ ) વ્યાપારમાં પણ જાપાન ઘણું આગળ વધેલું છે તેમાં લગભગ ૧૭૫૦૦૦૦ માણસો રોકાયલા છે, અને ૭૦૦૦૦૦૦ પૌંડ પ્રતિવર્ષ તેમાંથી ઉપજાવે છે. કેટલાક વર્ષોથી મીઠું સાફ કરી પુરૂ પાડવાનો ઇજારો જાપાન સરકારેજ રાખ્યો હોઇ સન ૧૯૧૦ માં પાંચ અબજ ઘણો હજાર ટન મીઠું તૈયાર કરવામાં આવ્યું.

સન ૧૯૧૦ માં ખુદ જાપાનમાં ૯૫૭૬ ખાણો હતી અને તે ૨૦૯૮૧૩૨ એકર જમીનમાં ફેલાયલી હોઇ તેમાં ત્રણ લાખ મજુર કામ કરતા હતા. તેને જોડીને તેરસો માઇલ રેલથી ચાલનાર ટ્રામો હતી અને તેલ વિગેરે લઈ જવા માટે પંપ નાખવામાં આવ્યા હતા. તે સાલમાં કાઢવામાં આવેલા ખનીજ પદાર્થની ઉપજ ૧૧૪૫૨૮૪૦ પોન્ડ થઈ હતી. ખાણોનું મહત્વ જાપાનમાં કેટલું છે તે એટલા ઉપરથી સમજાશે કે ગંધક પેદા કરનાર તરીકે આખી દુનિયામાં બધા દેશોમાં જાપાનનો નંબર ૨ જો છે. માટીનું તેલ બનાવવામાં તેનો નંબર ૫ મો છે. સન ૧૯૦૫ માં કોલસાની બાબતમાં તેનો નંબર ૮ મો હતો. સોનાની ઉત્પત્તિમાં કોરીઆનો નંબર ૮ અને જાપાનનો નંબર ૧૧ મો છે.

દેશની શાસન પ્રણાલિકા સ્વેચ્છાચારી રાજ્ય પદ્ધતિથી બદલીને નિયંત્રીત રાજ્ય સત્તા કરવામાં આવી છે. રાજ્યના જુદા જુદા કાર્ય માટે જુદા જુદા વિભાગો પાડી તે પર જુદી જુદી કમીટીઓના પ્રધાન નિયત કરવામાં આવ્યા છે. સન ૧૮૮૯માં રાજ્ય પ્રબંધમાં પ્રજાને સામેલ કરવાનો કાયદો કરવાથી એ પરિણામ આવ્યું કે ત્યાં એક ઉચ્ચ અને એક નીચ એમ પાર્લામેન્ટની બે શ્રેણીઓ બની.

આ બધી ઉન્નતિમાં એક આશ્ચર્યજનક વાત તો એ છે કે બેહદ વિચારશુન્યતા અને ધનાભાવ હોવા છતાં પણ આ ઉન્નતિ થવા પામી છે. સન ૧૮૬૭–૬૮ માં આવક ૩૩૦૦૦૦૦ એનની હતી પરંતુ તે દેશની ખેતી ઉદ્યોગ ધંધા જંગલો કારખાનાં અને ખાણોની વૃદ્ધિથી સન ૧૯૧૦ માં તો ૪૮૩૨૪૧૧૬૯ એન જેટલી ઉપજ વધી છે.

સ્થાનાભાવથી જાપાનની ઉન્નતિની અન્ય બાબતો અત્રે નહિ દર્શાવતાં માત્ર એટલુંજ કહીશું કે તેણે રેલ, સડકો, તાર, ખેતી, નેરો, સ્કુલો, કોલેજો, હસ્પીતાલો, સ્ટીમરો, મીલો, હથીઆર. દારૂગોળો, કારીગીરી, હુન્નર, ઉદ્યોગ, વિદ્યા, કસરત, તત્ત્વજ્ઞાન આદિ પ્રત્યેક વિષ-

* એન=જાપાની ચલણ.

યોમાં એટલી તો ઝડપથી ઉન્નતિ કરી છે કે સર્વ સુધરેલા દેશો તે તરફ આશ્ચર્યની નજરે જોઇ રહ્યા છે, અને હાલના સન ૧૯૧૫-૧૬ ના રાક્ષસી યુદ્ધના મામલામાં તેણે જે ઉન્નતિ કરવા માંડી છે. તેથી તો સૌ દેશો છક્કજ થઇ ગયા છે.

માનવ ઇતીહાસમાં આટલા થોડા વખતમાં, કોઈ પણ જાતિએ આટલી બધી ઉન્નતિ કરી નથી. ભારતવર્ષ જાપાનને આદર્શભૂત સમજી તેના જેવું થાય એમ ઇચ્છી વીરમીએ છીએ. **સંપાદક.**

# जैन अने जैनेतर गुजराती भाषा.

( ગતાંક પાન ૩૨૬ થી ચાલુ. )

જાણ્યું પરદેશી પરધાન, અસપતિ રાજા દીધું માન;
પુછ્યઇ વાત પાતસાહ હસી, ગૂજ્જરાતિ તે કહીઇ કીસી. ૨
કીસ્યું ખંભાયત અણહલપૂર, કીસ્યું દીવ ગઢ માંગલઉર;
ઝાલાવાડી સુરઠછિ કીસી, એ રાઉત સુણીઈ સાહસી.

પરદેશીને પ્રધાન જાણી પાદશાહે માધવને માન આપ્યું ને પુછ્યું કે પ્રધાનજી કહો કે ગુજરાત કેવી છે ? ખંભાત ને અણહિલપુર કેવાં છે ? દીવ જુનાગઢ ને માંગરોળ કેવાં છે ? ઝાલાવાડ ને સોરઠની ભૂમી કેવી છે ? સાંભળવામાં છે કે ત્યાંના રાજા સાહસિક (અવિચારી) છે ?

કાન્હડદે પ્રબંધ સિવાય સં. ૧૪૫૦ માં રચાયેલો ગ્રંથ મુગ્ધાવબોધ નામે વ્યાકરણને લગતો **ગ્રંથ** જૂની ગુજરાતીના ગ્રંથ તરીકે પ્રસિદ્ધિને પામ્યો છે. ત્યાર પછી સં. ૧૫૦૮માં રચાયેલું ને અમદાવાદમાં લખાયેલું વસંતવિલાસ કાવ્ય પ્રસિદ્ધ થયું છે. તેમાંથી થોડીક કડીઓ આ નીચે આપી છે.

મુનિજનનાં મન ભેદઇ, છેદઇ માનિની માન;
કામી અ મનિ આણંદ એ, કંદ એ પથિક પરાણ. ૧૭

વસંત ઋતુ મુનિજનોનાં પણ મન ભેદી-વિંધી નાંખે છે, કામીના મનને આનંદ આપે છે, માનિનીનાં માન મૂકાવે છે અને પ્રવાસી ( સ્ત્રીથી છુટા પડેલા ) ના પ્રાણ લ્યે છે.

કોઇલિ આંબુ ડાલિહિં, આલિહિં કરઇ નિનાદ;
કામતણું કરઈ આયસ, આઇસુ પાડઈ સાદ. ૨૩

સખીઓ પ્રત્યે આંબાની ડાળે કોયલ ટોકા કરે છે તે જાણે કામ દેવની આણ ફેરવતી હોય તેમ તે સાદ પાડે છે.

બુલશરી ભીમિલ મહુઅર, મહુઅ રમઇ ઝણકાર;
મયણનઇ આણંદિણ, વંદિણ કરઇ કઇવાર. ૩૦

બોરસળીના સુવાસથી વિકળ ભમરો ગાઢ ગુંજારવ કરે છે. તે શું આ વારે કામદેવને જાણે આનંદયુક્ત વંદન કરતો હોયની ?

મુખ આગલિ તું મલિનરે, નલિન જઈ જલિનાહિ;
દતહ બીજ દિખાડિમ, દાડિમ તું મુખમાહિ. ૫૮

હે કમલ ! તે સ્ત્રીના મુખ આગળ તું મલિન દેખાય છે. જા, જા, પાણીમાં જઈ મોં ધોઈ આવ. અરે દાડિમ ! તેના મુખમાના દાંત આગળ તારા દાણા દેખાડમાં.

આ કાવ્ય ગુજરાતના પ્રસિદ્ધ સાક્ષર શ્રીયુત કેશવલાલ હર્ષદરાય ધ્રુવે ગુજરાત શાળાપત્રમાં

પ્રસિદ્ધ કર્યું છે. તે કાવ્યને છેડે ચોપડામાં નીચે લખ્યા પ્રમાણે સંસ્કૃત લખાણ છે તે ઉપરથી જણાય છે કે શ્રીમાળ વણિક શાહ દેપાળના પુત્ર સાહ ચંદ્રપાલ માટે એ કાવ્ય લખાયું છે.*

શુભં ભવતુ લેખક પાઠ કયો: શ્રી ગુર્જર શ્રીમાલ વંશે સાહ શ્રી દેપાલ સુત સાહશ્રી ચંદ્રપાલ આત્મપઠનાર્થે, શ્રીમન્નૃપ વિક્રમાર્ક સમયાતીત સંવત ૧૫૦૮ વર્ષે મહા માંગલ્ય ભાદ્રપદ શુદિ ૫ ગુરૌ અધેહ શ્રી ગુર્જર ધરિત્ર્યાં મહારાજા ધિરાજસ્ય પાતસાહશ્રી અહિમદસાહ કુતબદ્દીનસ્ય વિજયરાજ્યે શ્રીમદહમ્મદાવાદ વાસ્તુ સ્થાને આચાર્ય રત્નાગરેણ લિખિતોયં વસંત વિલાસઃ । છ । છ.

સં ૧૬૮૫ માં નંદુબારકે નંદાવતીમાં લખાયેલી સોળ કળા તથા સુદામામાંથી જરા ઉતારો કરિયે.

સિંહાસન બિહુ છિત્રરાઈ, મોટું તેહ તણો મહિમાયિ;
તેહનાં પુત્ર પૌત્ર અનેક, તેહતણું કિમ કહું વિવેક. ૬૦
શબ્દ એક હોઇ આકાશ, કંસ તાહરો કરસિ નાશ;
સમ્યક વૈરી જાણો તેહ, એહતુ ગરભ આઠમુ જેહ.
નાહાના બાલક સાથિ રમિ, કરિ વાત જે જેહનિ ગમિ,
ખેદ યશોદા પામી સહી, કાહાનડ તૂ બંધાયિ નહી;
જે તમ્હ પદ પલ્લવ અણુસરિ, તે ભવસાગર હેલા તરિ.

સોળ કળામાંથી ઉપલી સાત લીટી તારવી છે, હવે સુદામામાંથી ત્રણેક લીટી તપાસી જઇએ.

એક છિ અનંત તૂ, અછેદ નિં અભેદ,
માનવી તૂઝતિ કિમ કલિ, જેહનિ ન જાણે વેદ;
સુદામુ સૂખી નહીં, દોહિલિતે દીહાડા જાયિ,
એક બ્રાહ્મણ ત્યાંહાં વસિ, સુદામાનિ પાસિ. ઇત્યાદિ.

જોકે જૂની ગુજરાતીમાં કવિતાના ગ્રંથોજ નજરે પડે છે તોપણ ગદ્ય ગ્રંથો તદ્દન નથી એમ નથી. કેટલાક વાર્ત્તાના ગદ્ય ગ્રંથો પણ હાથ લાગ્યા છે તેમાંથી તેમજ વેપારીના ચોપડા વગેરેના દસ્તાવેજોમાંથી કંઇક નમુના આપી આ પ્રકરણ પૂરૂં કરીશું.

સં. ૧૬૪૦ માં લખાયેલા વૈષ્ણવ આહ્નિકમાંથી પાંચેક લીટી લખીશું.

પછી પૂર્વાભિમુખ બેસી માથૂં વિહોલીનિ હાથ પખાલીએ. શરીર નવ છિદ્ર સદા અશ્રિ, નિદ્રા માહિ વિશેષિ સદા અશ્રિ; માટિ પ્રાતઃસ્નાન વસ્ય કરવું, અશક્ત પુરૂષે ન કરવું; એહવૂ માનસ્નાન કીજિ, કાછડી પિહિની દીજિ, પાટલી પછિ વાલીએ.

હવે ગદ્યકથા સંગ્રહમાંથી તુલાઆહી વણિકની વાત ઉતારીશું.

કુંડિન નગરિ ભૂધર વણિક પુત્ર, તેહનિ પુણ્યના ક્ષયતુ ધનનુ ક્ષય હોઇ, ધનના ક્ષયતુ સગે સહુઇ છાડ્યુ, ગતમાન હોઇ, પોતિ ઘણા દિવસની લોહી તુલા હુંતી, તે અને શનિ ઘરિ મૂકી નિ દેશાંતરિ ગ્યૂ, કેતલે દિવસિ વલી ઉપાર્જી આવ્યું, નગરિ આવી આપણી લોહ તુલા માગી, જેહનિ ઘરિ મૂકી તીણિ લોભી મૂખે ઇતિ કહું, તાહરી લોહતુલા ઊંદિરિ ખાધી......ઇત્યાદિ.

હવે સં. ૧૭૦૭ નું અમદાવાદનું એક ખત તપાસી ઉતારા આપવાનું કામ પૂરૂં કરીએ.

શ્રીમાલ સુવર્ણકાર જ્ઞાતીય લઘુ શાખાનાં સા. છબાઉઆ બિન માણિક બિનહરાજ છબાઉઆની ભાર્યા બાઇ ઉજવાદે બિન તથા સા. છબાઉઆનું ભત્તીનું પૂત્ર સા. પનજીએ...

* આ વસંત વિલાસની સચિત્ર હસ્તલિખિત પ્રત તથા કાન્હડદે પ્રબંધની હસ્ત લિખિત બે પ્રત રાજકોટના સાહિત્ય પ્રદર્શનમાં જોઇ હતી.

સમસ્ત હસ્તાક્ષરાંણિ દત્તાચિત ઘરા તે મધ્યે ઉરડુ ૧ પશ્ચમાભિમૂષનું અગ્રે પાસાલ તે પાસાલનાં દ્વાર રછિ તે ચુક મધ્યે ષડકાછિ મિહિલાંઇએ ઘરના દ્વાર સેરી મધ્યે રછિ. ગૃહવિક્રતં તસ્ય દ્રવ્ય સંખ્યા અહિમદાવાદની ટંકસાલિના આકરા કોરા માસા સાઢા અગ્યાર ૧૧ાા ના નવી ૨ાા અઢીના રૂપૈઆ ૧૬૧ અંકે એકસો એકસઠ પૂરા રોકડા એકે મૂહિ સોની હીરજી ષીમજીનિ અદષ્ટ વેચાતૂ આપૂ છે. રૂપૈઆ એકસો એકસઠિ લીધાની વગતિ... બાઇ જીવાદેએ સોની હીરજીનિ એ ઘર ગરહિણિ રૂપૈઆ ૭૪ાા અંકે પુણી પંચ્યુતર માહિ ગરહિણિ આપૂ હતૂં તે વાલા તથા સા પનીઆનિ રૂ. ૧૦ આપ્યા તથા બાઇ વેજાનિ રૂ. ૩ આપ્યા આપીનિ સમજાવ્યા પોતાની ખુશીઇ બાકી રૂ. ૭૩ા સવા ત્રોહોતીર બાઇ જીવા દે લીધા. એ ઘરની ભૂમનુકો વેરથી આવે તેહને બાઇ જીવાદે પ્રીછવિ વારિ સમઝાવિ.

સામુદ્રિક શાસ્ત્રમાંથી એક ઉદાહરણ લઇએ. એની ભાષા પણ ભુવન દીપકને મળતી છે.

"જેહનઇ શિઆલના શરીખી જાંગ હુઇ તે નિર્ધન હુઇ અનઇ માછલાના શરીખી હુઇ તે લક્ષ્મી પામઇ. જેહનઇ કાલૂં તાલૂં હુઇ તે કુળ નાશ કરઇ કમલ સરીખું હુઇ તે ભુપતિ હુઇ."

સંવત ૧૬૯૮ ની રસમંજરીની પ્રતમાંથી બે ચાર લીટી તપાસીએ.

"શ્રી કૃષ્ણ આવી સકલ સ્ત્રીના મોહોલ મધ્યે આવી ઉભા રીહા ।। તાં સોલસહસ્ત્રને આઠ કાંતાઉ આવી ફરતીઉ ઉભી રહીઉ ।। તીહારે શ્રી કૃષ્ણે વિચારયું જે આગલિતાં સહસ્ત્ર કમલ લોચની ઉભી સ્ફુરે છે ।। અને માહારે નેત્ર બે છે । તે કોણ ઉપરિ આરોપૂં ।। એહવું વિચારી આંખું મીચી રોમાંચીત શરીરહેવૂં જોતા હવા ।।

કુતૂહલની ખાતર ૫૦–૬૦ વરસ પર પ્રગટ થયેલાં ગુજરાતી લખાણોના નમુના આપી આ પ્રકરણ બંધ કરીશું.

ઇ. સ. ૧૮૫૬ ના અકટોબરના "જ્ઞાન પ્રસારક"માં એક ઠેકાણે લખ્યું છે કેઃ—

વીદ્યા તથા હોનરને લગતી બાબતો.

લીનીઅન સોશાએટીની મંડળી થોડું એક ઉપર ભરાઈ હતી તેહાં "વેશટ ઇનડીજ" માંથી આવેલો "ટાઉએલ ગોરડ" નામનો રોપો કાગજ બનાવાનાં કામને થાક દેખડાવે આમાં આવેઓ હતો. એના શાખા ખુબસુરત જાલી રોટા છે, અને તેમને નીખારેઆ પછી તેઓ હાલ ટોપલીઓ, તશવીરોની ફરેમ, જાલીદાર આકારની ચીજો અને એવીજ બીજી શીણગારની ચીજો બનાવે આમાં કામ આવેચ."

ડીસેમ્બર ૧૮૫૬ ના તેજ માસિકમાંથી ગમે તે પાનું ફેરવીએ. બધાં લખાણો ઉપલી ઢબનાંજ મળે છે. બેત્રણ લીટી અહીં ઉતારીએ.

અરથ વીદ્યા.

"શાહેબો–તમારી સેવામાં અરથ શાશતર ઉપર થોડું ઘણું બોલવાનો મારો ઘણું થઇઉ ઇરાદો હતો પણ આજસુધી તે અમલમાં આવેઓ નહીં તેથી હું દલગીર છેઉં.

જુલાઈ ૧૮૫૭ ના તેજ માસિકમાં "હીનદુસ્થાનનો ઇતીહાશ" એ મથાળા નીચે લખ્યું છે કે, "આપણે ગએઆ બારય મહીનાનાં આંકમાં જોઇઉં કે અંગરેજી વેપારીઓની બે કંપનીઓ મલીને એક થઇ ગઈ અને તેનું નામ "યુનાઇટેડ ઇશટ ઇનડીઆ કંમપની" કહી રાખીઉં. એ કમપની પોતાનો અખતીઆર હીનદુસ્થાન ખાતે આશતે આશતે વધારતી ગઇ તે પોરટુગીજ તથા વલંદા વેપારીઓ જોઈ નહીં શકે. આ બધાં ઉદાહરણો ઉપરથી જૂની ગુજરાતી, નવી પારસી ગુજરાતી વગેરેનું વલણ ધ્યાનમાં આવશે અને જૈન ગુજરાતીના નમુના તેની સાથે સરખાવવાથી તે હવે તદ્દન અજાણ્યા કે અવનવા નહિ જણાય. (અપૂર્ણ.)

# जर्मन देशनो अर्थोदय.

( અનુસંધાન ગતાંક પાને ૩૩૬ થી ચાલુ. )

( ૩ )

**સિદ્ધ કરવાનાં સાધનો:—**

**કેળવણી.**

જર્મનીની હાલ ઉંચી સ્થિતિ તેના વેપારીઓ તથા રાજદરબારીઓની દીર્ઘ દૃષ્ટિથી તથા જર્મનોના જાતિગુણોથી આવી છે.

કોઇ પણ પ્રજાનું ખરૂં બળ તેના મનના ને નીતિના ઉચ્ચ ગુણો ઉપર આધાર રાખે છે. જર્મનીના તત્ત્વજ્ઞાનીઓ ને કવિઓએ આત્મભોગની ભાવના પ્રથમ ઉત્પન્ન કરી. કેળવણી ને શિક્ષણનાં શોધનાં મૂળ સો વરસ ઉપર રોપ્યાં. હાલ વ્યવહારઉપયોગિતા ઉપર ખાસ લક્ષ અપાય છે. ખરી સત્તા પણ જેવા જોરમાં પાશવ બળમાં નથી.

જર્મની એક દેશ કે એક પ્રજા નથી. તેમાં ઘણાં ન્હાનાં રાજ્યો છે, તે ભિન્ન ભિન્ન સંસ્કારવાળાં છે. રાજ્યની પદ્ધતિ પણ જુદી જુદી છે. પ્રશીઆમાં આપખુદીની હવા છે; ઉત્તર જર્મનીના લોક અક્કડ ને ભારેખમ છે; દક્ષિણ જર્મનીવાળા સરલ, સંતોષી, ને ઓછા ભમતી છે. પશ્ચિમના અતિશય ઉદ્યોગી ને પૂર્વમાં ખેતી પ્રધાન છે. તોપણ બધાં રાજ્ય પોતપોતાની પ્રજાને ફાવે તેવી રીતે ઉત્તેજન આપે છે.

તેમાં હુન્નર કેળવણી રૂચે તેવી આપે છે. ફરણીશિક્ષકો રાખી ઘેર બેઠે હુન્નરનું જ્ઞાન આપે છે. ફરતા શિક્ષકો હાથવણતરમાં મદદ આપે છે, નવા બુટ્ટા design વિશે મદદ આપે છે, નવા નિશાળીઆઓને વણતાં શીખવે છે, ગામડાના વેપારીનો માલ વેપારીને વેચી આપે છે, અથવા સોદા કરી આપે છે.

શિખવામાં જર્મન ઘણા ધીરા ને ઉદ્યોગી છે. હાલ તો વળી જગતમાં શ્રેષ્ઠ થવાની હોંશ છે એટલે ઉદ્યોગનું શું કહેવું?

કેળવણીનો લાભ જર્મની એવો કરે છે કે પોતાના બધા વ્યવહારોમાં તેઓ કેળવાએલી બુદ્ધિનો ઉપયોગ કરે છે.

જર્મનીની ઉદ્યમશાળાઓ ઉદ્યમોને ખાસ લાભ મળે તેવા પ્રયાસ નિરંતર કરે છે. તેઓએ તાપ દેવાની નવી કળાઓ કાઢી છે, તેથી જોઇએ તેટલો તાપ થોડામાં થોડા વખતમાં ને થોડામાં થોડે ખરચે તે ઉત્પન્ન કરી શકે છે.

કેટલાંક સંસ્થાનો પોતાની નીપજનાં એક સ્થળે પ્રદર્શન રાખે છે, ને લોકોને કેળવણી આપવાને ફરતાં પ્રદર્શન નભાવે છે, ને માહીતી આપનાર ખાતાં રાખે છે. વળી કેટલાંક રાજ્યો મોટાં પુસ્તકાલય, ઔદ્યોગિક સંગ્રહસ્થાનો, રસાયની પ્રયોગશાળાઓ રાખે છે, ને એ શાળાઓમાં ને એમાં મુકરદમ તથા કારીગરોની પરીક્ષા લે છે, અને હુન્નરશાળાઓ નભાવે છે.

ઔદ્યોગિક મંડળીઓ હુન્નરના શિક્ષણને માર્ગ દેખાડી ઉત્તેજન આપે છે.

જર્મનીની હુન્નરશાળાઓ દર વર્ષે કેળવાએલા ડીરેક્ટરો, ઇજનેરો, રસાયનશાસ્ત્રીઓ કાઢે છે, તેઓ વિજ્ઞાનના નવામાં નવા ભેદ જાણે છે, ને ઔદ્યોગિક ક્રિયા વિશે વિજ્ઞાનના નવા નવા શોધની હમેશ ખબર રાખે છે.

પ્રાથમિક મફત શાળાઓ સો સો વરસની છે, તે દર વર્ષે જોઇએ તેટલા ચતુર કામદારો કાઢે છે. કામદારોને હુન્નરના વિજ્ઞાનનાં મૂળ તત્ત્વો ખબર હોય છે, ને વળી પૂરવણી શાળાઓમાં તેઓ ધંધાની હાથચાલાકી મેળવે છે. આવી હુન્નરની શાળાઓ સેંકડો વરસની છે પણ સૌથી સરસ પચાસ વરસ ઉપર થયાં ચાલે છે. તેમાં ઉદ્યોગ ને ઉદ્યોગની બધી કળાઓ શીખવાય છે.

જર્મનીમાં ખરચ કરવાની ઇચ્છા નથી. તેઓ ઉપયોગમાં આવે તેટલુંજ ખરચ કરે છે. બધા શિક્ષકો વહીવટી જ્ઞાનવાળા હોય છે. સૌથી સારા શિક્ષકને રૂ. ૩૦૦૦ કરતાં વધારે મળતું નથી. જ્ઞાનના ધંધાના પગારનું ધોરણ કોઇ પણ ઠેકાણે ભારે નથી. આવા નોકર જોઇએ તેવા ને તેટલા હમેશ મળે છે. તેથી જર્મનીમાં હુન્નરશાળા સ્થાપવી ને નભાવવી સહેલું પડે છે.

જર્મનીમાં હુન્નરશિક્ષણ સર્વવ્યાપક છે એટલે જે જે ધંધામાં શાળામાં શિખવાથી ફાયદો થાય તે બધા ત્યાં શિખવાય છે.

જ્ઞાન ફેલાવવાની થોડા ખરચની રીતે હુન્નર જ્ઞાનનો પ્રસાર કરવામાં આવે છે. ગામડામાં નિશાળના મકાનમાં તેલનો દીવો બાળી નાનકડા વર્ગને હુન્નરનું જ્ઞાન અપાય છે. ગામડાના હાથકારીગરોને ફેરણી કરતાં પ્રદર્શનો વડે કારીગરીના સારા નમુના બતાવવામાં આવે છે. ફરતા શિક્ષકો એક ગામથી બીજે ગામ એમ ફેરણી કરી હુન્નરનું જ્ઞાન ગામડાના લોકને આપતા ફરે છે. આવી થોડા ખરચની ઘણી યુક્તિઓ જર્મનો પાસે છે.

સાકસની સંસ્થાનની વસ્તિ ૪૫ લાખની છે. ત્યાંના લોક પોતાના પુરૂષાર્થ ઉપર વધારે આધાર રાખે છે. ત્યાં હુન્નર કેળવણી માટે ખાસ હુન્નરોની ૩૬૦ શાળાઓ છે. આ શાળાઓ લોકઉમંગથી ઉભી કરી છે.

જેમ જેમ અમુક જાતના હુન્નરની શાળાનો ખપ પડે છે તેમ તેમ તેવી હુન્નરશાળા લોક સ્થાપે છે. વ્યવહારમાં કામ આવે તેવી સ્થાપે છે. ઘણી ખરી ઉંચા પ્રકારની શાળાઓ સરકાર સ્થાપે છે.

સાકસનીમાં છ જાતની હુન્નરશાળાઓ છે—(૧) ઉંચા પ્રકારની પાઠશાળા, (૨) કળાની ઉદ્યોગશાળા, (૩) ઔદ્યોગિક શાળા, (૪) નિશાળ છોડનારને માટે પૂરવણી ઉદ્યોગશાળા, (૫) વેપારીશાળાઓ, (૬) ખેતીની શાળાઓ.

પ્રાથમિક શાળાઓમાં મજુરને ઉદ્યોગ કરવાની ટેવ, દયાનતદારી, ચોખ્ખાઇ, ચાલાકી, નિયમિતપણું શીખવે છે.

ઘણાં ઇજનેરીખાતાં પોતાના મજુરને કેળવે છે. મજુરોમાં કેળવણી ને જ્ઞાનની ઇચ્છા સર્વત્ર છે. તેમજ જમાનાના માનસિક ને આત્મિક જ્ઞાનની પણ છે. તે લોભ કરતાં જ્ઞાનને વધારે ચાહે છે. તેઓ રાત્રે કેળવણી લે છે.

કારીગરોએ પોતે કેળવણીમંડળો ઉભાં કરેલાં છે. વિજ્ઞાનનું શિક્ષણ રાત્રે દાનસેથી આપે છે. બર્લીનમાં સોસીઅલીસ્ટ્સ મજુરોના સુધારાની નિશાળ ચલાવે છે. શિઆળામાં સાંજના વર્ગ ચલાવે છે તેમાં અર્થશાસ્ત્ર, સંસારશાસ્ત્ર, કાયદો, ઇતિહાસ, અલંકારશાસ્ત્ર શીખવે છે. રવીવાર ને ઇતર વારે વગર ખરચે ભાષણ અપાય છે.

**મજુરોનાં પુસ્તકાલય છે.**

પાઠશાળાવાળા દેશોમાં વિદ્યાર્થીઓ ગરીબોને ભણાવે છે.

રાજ્યના કાયદાથી આરોગ્ય રહે છે, ને જીવનનું ધોરણ ઠીક રહે છે. મંદવાડમાં દાક્તર મફત દવા કરે છે, ને તે વખતના ગુજરાનનો બંદોબસ્ત હોય છે. ઘડપણ કે અશક્તિ માટે પેન્શન હોય છે.

અકસ્માતથી મજુર થાય તેનું ખરચ વેપારીને માથે પડે છે. મંદવાડનો વિમો ઉતારે છે તેના ૨ મજુર ભરે છે, ને ઘડપણ ને અશક્તિના પેન્શનના ફંડમાં મજુરને શેઠ સરખે હિસ્સે ટકા ભરે છે.

લશ્કરી નોકરી સાર્વજનિક છે, તેથી મર્યાદશીલતા વગેરે ઘણા ઉત્તમ ગુણો વધે છે; વળી તેથી વ્યવસ્થિતપણું, નિયમિતપણું ને બીજા જોડે કામ કરવાની ટેવ પડે છે.

## ( ૪ )

## શરીરે બળવાન પ્રજા ઉત્પન્ન કરવાના પ્રયત્ન.

જર્મનીમાં શરીરે બળવાન ને વીર્યવાળી પ્રજા ઉત્પન્ન કરવાને ભગીરથ પ્રયત્ન યથાવિધિ થાય છે. બાલમરણ ઓછું કરવા જંગ મચાવ્યું છે. ૧૮૭૬ માં જન્મ પ્રમાણ ૪૨ હતું તે ૧૯૦૫ માં ૩૩ થયું છે, પણ મરણ પ્રમાણ ૧૯૦૬ માં હજારે ૧૮.૬ હતું. (વિલાયતમાં ૧૯૦૫ માં ૧૬ હતું). પાકી ઉંમરના માણસોનું મરણ પ્રમાણ ઘટ્યું છે તેવી રીતે બાલ-મરણનું પ્રમાણ પણ ઘટ્યું છે. (વિલાયતમાં ૧૦૦ છોકરાં જન્મે તેમાં ૧૧.૮ મરે છે, પણ સ્વીડન ને નોરવેમાં ૮.૧ છે). શહેરોમાં જે જીલ્લાઓમાં મજુર વર્ગ રહે છે ત્યાં મરણપ્રમાણ સૌથી ભારે છે.

બાળમરણના પ્રમાણનો દર દરેક race જાતના ગુણ, સાંસારિક રીવાજ ને ટેવો, દ્રવ્યની સ્થિતિ ને સુધારાની સ્થિતિ ઉપર આધાર રાખે છે. આ મરણ પ્રમાણનો મોટો ભાગ (૧) હવા અજવાળાનો અભાવ (૨) રોગી ઘર (૩) ખરાબ ખોરાક ને (૪) કૃત્રિમ ધાવણ ને ખોરાકથી થાય છે.

બાલમરણ અટકાવવાને નીચે પ્રમાણે ઉપાય લેવામાં આવ્યા છે. (૧) મા ને બાલકને વાસ્તે આશ્રમસ્થાન, ઘર, દવાખાનું, ને ઇસ્પીતાલો સ્થાપવી. (૨) ગરીબ મજુર વર્ગના બાળકોને જાળવવા ને રાખવા દીવસના સાર્વજનિક બાલાશ્રમ સ્થાપવા. (૩) દૂધભંડાર. આ બધું કરવામાં સરકાર આગેવાની કરે છે. (૪) લોકોને ભાષણ ને શિક્ષણથી સુધારવા.

માને ધાવેલાં કરતાં દૂધ પાએલાં છોકરાં પાંચ છ ગણાં મરે છે.

જે માઓ છોકરાંને ધવડાવે તેને દૂધ સસ્તુ વેચાય છે. માઓને છોકરાં ઉછેરવાં ને રાખવાનું વિધિસર શિક્ષણ આપવામાં આવે છે. તેવું જ પરિચારિકાને અપાય છે. મફત દવા-ખાનામાં સુવાવડ પહેલાં ચાર માસ લગી માઓને મફત દૂધ ને જમણ આપવામાં આવે છે; અને જે મા ધવડાવે તેને ઉત્તેજન આપે છે. મા નિરોગી હોય તો જ છોકરૂં નિરોગી થાય.

છોકરૂં અવતર્યું પછી એક માસ સુધી કામ ન કરવું પડે તે માટે એક સામાન્ય ફંડ કર્યું છે. તેવું જ બેકારવાળી વાસ્તે છે.

બાલમરણ વાસ્તે એક શોધનશાળા કાઢી છે.

જુવાનની તંદુરસ્તિની ઘણી સંભાળ લેવાય છે. ન્હાનાં છોકરાંની શાળાઓ ઉઘાડી અવલોકનનું શિક્ષણ, વાર્તાકથા, પુનરાવર્તન, રમત, ગીત, ગાયન, સાદુ હાથકામ, વાડી ખેતી, જાનવરખાનું, શરીરકસરત ને મસ્તાની ખેલ કરાવે છે. વળી હવે પછી શહેર બંધાય તેમાં છોકરાંને રમવાની જગો રાખવી જ જોઇએ એવો ઠરાવ છે.

( ૫ )

## વેપાર વધારવાની કળાઓ:—

કોઇપણ ધંધાની છેવટનો માલ ઉત્પન્ન કરતાં લગીની બધી કલાઓ જર્મનો એક જ ઠેકાણે કરે છે, ને તેથી ખરચ બહુ થોડું આવે છે. વિલાયતમાં કાંતવાનું, વણવાનું, ધોવાનું, છાપવાનું વગેરે જુદે જુદે ઠેકાણે થાય છે તેથી ખરચ દરેક કારખાનાનું વધે છે, પણ બધું એક ઠેકાણે થવાથી વહનખર્ચ, તથા દેખરેખનું અને ભાડાનું ખરચ ઘણું ઘટે છે.

પોતાને જોઇતો માલ તેઓ પોતે જ પેદા કરે છે. આશરે ૩૦ વરસ ઉપર જર્મની એમ માનતું કે વિલાયતમાં જ સારાં વહાણ બને. પછી વિલાયતના કારીગર લાવી પોતાની ગોદીઓમાં તે બનાવવા માંડયાં. હાલ તે પોતાનાં વહાણ બાંધે છે એટલું જ નહીં, પણ બીજા દેશનાં બાંધી આપે છે.

દેશની બેન્કો ઉદ્યોગોને ઘણો આશ્રય આપે છે. તેથી ટ્રામવે, વિજળીના દીવા, વિજળીની રેલવે કાઢવામાં ઘણી સુગમતા વધી છે.

વળી બેન્કોની મદદથી મોટાં કારખાનાં કાઢવામાં ઘણી મદદ મળે છે. ઠ્હાડે ઠ્હાડે મોટાં કારખાનાં કાઢવાં ને ઉદ્યમને એક કંપનીના હાથમાં લાવવો. ફેરો કરી નફો વહેંચી લેનારી કંપનીઓ કાઢવી, વગેરે રસ્તે વેપાર વધ્યો છે, ને હાલ એકહથ્થુ વેપારની નીતિ તરફ જર્મનોનો વેપાર વધે છે. તોપણ પાંચ લાખ માણસ ઘેર બેઠાં ઉદ્યમ કરે છે. વળી વિદ્યુત બળ ઘેર બેઠે મળવાથી ઘણા ન્હાના ન્હાના ઉદ્યોગ નીકળ્યા છે. ન્હાનાં ધંધાવાળા સંપ કરી પોતાના ધંધાનું મહાજન ઉભું કરે છે, તેથી તેઓ ટકી શકે છે.

જર્મનીમાં અનેક પેટારાજ્યો છે. તે દરેક ગામડાના લોક ઘેર બેઠે કરી શકે એવા ઉદ્યમને ઉત્તેજન આપે છે. તેથી ખેડુતની સ્થિતિ સારી છે. આ ઉત્તેજનના પ્રકારમાં દરેક જગ્યાને ગમે તેવી હુનરકેળવણી આપવા તેવી નિશાળો સ્થાપે છે, અથવા ફરતા શિક્ષકો રાખી તેવી કેળવણી આપે છે; અને તેમને સરકાર આફતમાં મોટી મદદ આપે છે.

બેવેરીઆના ફરતા શિક્ષકો હાથના વણાટના કામ ઉપર નજર રાખે છે, નવા જુદા **design** ની સલાહ આપે છે, નવા નિશાળીઆને વણતાં શિખવે છે; ગામડાના વેપારીનો માલ ફાયદાસર વેચી આપે છે, વેચવાના સોદા કરી આપે છે.

ઘેર બેઠે રમકડાં બનાવવાનો ઉદ્યમ પણ થાય છે.

વહાણના માલેકને સરકાર તરફથી ઉત્તેજન મળે છે. સરકારના નૌકા અધિકારી વહાણની કંપનીના નિયમ ડીરેકટર થાય છે.

વહાણને આવવા જવાનાં દુરસ્ત કરવાનાં, ને બનાવવાનાં બંદરો સરકાર કે મ્યુનિસિપેલીટી સુધારે છે.

નહેરો બાંધી તેમાં જ દેશની અંદર માલ મોકલવાની યોજનાથી વહનખરચ ઘણું થોડું થયું છે—જર્મનો નદીનાં બંદરો ઘણા જોરથી વધારે જાય છે.

**દૃષ્ટાંત**—માનહેમ નામનું નગર કોલોનથી ૧૬૦ મૈલ ઉપર છે. તે વેપારી ગામ હતું, ને માલ લાવવા મોકલવાનું મથક હતું. તે શહેરે ૩૫૦ એકર ભેજવાળી નકામી જમીન વેચાણ લીધી. તેમાં ઉદ્યમો વસવાવાનો નકશો રચ્યો—ગોદીઓ, ઠક્કા ને આગગાડીઓ બાંધી. આમાં ૪૮ લાખ ખરચ થયું, એટલે વસ્તીના પ્રમાણમાં માથાદીઠ રૂ. ૫૨–૮–૦ આવ્યું. આ યોજના ધાર્યા કરતાં પણ લાભકારક નીવડી. હાલ એ ગામની વસ્તી વધીને દોઢ લાખ થઈ છે. પહેલાં નેવું હજાર હતી.

દરેક પેટા સંસ્થાન નદીઓને ઉંડી કરે છે, અથવા નવી નહેરો બાંધે છે, અને વહાણ આવે એવી નદીઓ ઉપરનાં શહેરો પોતે ઠક્કા ને બંદર સુધારે જાય છે.

જર્મનીએ અંગ્રેજ કારીગર આણી પોતે બધું શીખ્યું, શનિવારે બપોરથી આરામ લઇ week-end દોઢ દિવસ સહેલ કરવા નાશી જવાની અંગ્રેજોની જે ટેવ છે ને જે ટેવનું મુંબાઇમાં ઘણા દેશીઓ અનુકરણ કરે છે તેને જર્મની નામર્દાઈ ને બાયલાપણાનું ચિન્હ ગણે છે.

કારખાનાનો ઉપરી સૌથી પહેલો આવે છે, ને છેલ્લો જાય છે. વેપારમાં પહેલી પંક્તિએ પહોંચવાની કામના કરી એ બેશી રહેતું નથી, પણ સફળ કરવાનાં સાધન ને ઉપાય લે છે, ને તે ઉપાયો લાંબી નજર ને ચતુરાઇથી યોજે છે. વેપાર પણ એક જાતની વિદ્યા–કળા છે એમ તેઓ ગણે છે, ને બીજા વ્યવહારની પેઠે તેમાં તેઓ કેળવાએલી અક્કલ ખરચે છે.

આખા દેશનું સંસારખરચ મધ્યમસર ને નીતિનું છે. બધી પ્રજા સાદાઇથી રહે છે ખોટી મોજમાં લોક પડતા નથી, ખરચાળ ટેવો પાડતા નથી, ને તવંગર પણ નીતિથી વર્તે છે. આ કારણથી પગાર ને મુસારા હલકા રહે છે, તેથી જર્મની માલ સોંઘો પેદા કરી શકે છે, ને બીજા દેશને પાછા હઠાવે છે.

કાચો માલ લેવામાં દલાલ, આડતીઆ રાખતા નથી, સંચાથી જે કામ થાય તે હાથથી કરતા નથી, ને વિજળીનું બળ જ્યાં વપરાય ત્યાં વાપરે છે.

હુન્નરશાળાઓ ને ઉદ્યમનાં કારખાનાંને નિકટ સંબંધ છે. શાળાઓમાં ઉદ્યમને પુષ્ટિ કરે એવા શોધ થાય છે, ને ઉદ્યમનાં કારખાનાં શાળામાં શિખેલાને ઉત્તેજન આપે છે.

જર્મની રસાયનશાસ્ત્રના જ્ઞાનનો બને ત્યાં ઉપયોગ કરે છે, તેથી રસાયણના ઉદ્યોગ બીજા બધા દેશ કરતાં ત્યાં વધારે પ્રસર્યા છે.

ઘરાકને ગમે તેવો જ માલ જર્મનીના કારખાનાં પેદા કરે છે, ઘરાકની ભાષા શિખે છે, તેમનાં માપ, તોલ નાણાં પણ શિખે છે.

દરેક સંસ્થાનું તથા આખી શાહેનશાહત ઉદ્યોગને ઉત્તેજન આપે છે.

રેલવે સરકારની છે, તે તુરત દર દેશના વેપારને અનુકૂળ પડે તેવા ઠરાવે છે.

નિકાશ માલને ઉત્તેજન આપવાને તેવા માલની જણસ ઉપર જકાત હલકી ને સમ વિષમ એવી રાખે છે કે તેથી વાણિજ્યકર પરદેશ સામી ટક્કર લેઇ શકે છે.

દેશની અંદરના જલમાર્ગ સરકાર બનાવે છે.

કેટલાંક સંસ્થાનો ફરતાં કે સ્થાયી પ્રદર્શનો રાખે છે, તથા પોતાનાં ઉદ્યોગને લગતાં ખબર ને માહિતી આપનારાં ખાતાં રાખે છે.

જર્મનીના બધા વાણિજ્યકારો એકસંપી કરી માલ વેચે છે–પડાપડી કરતા નથી. આવાં ૪૦૦ મહાજનો છે. (૧) રક્ષણનીતિ, (૨) એક હાથનાં મુડીનો સમુચ્ચય, ને (૩) ઉદ્યમ ઘણા થોડા હાથમાં હોવાથી વાણિજ્યને ઘણી પુષ્ટિ મળે છે.

મહાજનના પ્રકાર અનેક છેઃ—

(૧) માલ પેદા કરનારનું મહાજન—તેનો ઉદ્દેશ લોકને, પરચુરણ વેપારીને, સારો માલ શા ભાવે વેચવો તે ભાવ, ઉધારનો વાયદો કેટલો રાખવો તેની મુદત ને શરત, નાણાં લેવાની મુદત, વટાવનો દર વગેરે નક્કી કરવા.

(૨) કીંમત નક્કી કરનારાં મહાજન તે લઘુતમ કીંમત નક્કી કરે છે. આવાં ઘણાં મહાજન છે.

(૩) મહાજનો મળીને થએલાં મહાજન—મોટાં મહાજન–syndicates.

રેલવે સરકારે બાંધી છે તેથી જનવારની મુડી છુટી રહી છે. રેલવે, ડ્રામ વગેરે સરકાર બાંધે છે તેથી વેરાનું ભારણ હલકું રહે છે.

જર્મન રાજ્યને રેલવે, ટપાલ, તાર, જંગલ, ચિનાઇ માટીનાં વાસણ, છાપખાનાં ને સરકારી બેન્કમાંથી સારી ઉપજ મળે છે.

ખેતીવાડી ખાતુ નફા સારૂ ખેતી કરાવે છે, તેથી ન્હાના ખેડુતોને પદાર્થજ્ઞાન જેવું દૃષ્ટાંત મળે છે.

બવેરીઆનું રાજ્ય ખેડુતના ઢોરનો વીમો ઉતારે છે, પાકનો વીમો હીમ તથા આગના નાશ બાબત ઉતારે છે.

રેલવેના માલીક સરકાર હોવાથી સાર્વજનિક પ્રશ્નોનું દષ્ટિસ્થાન ઉપજ ઉપર નજર રાખી નક્કી કરે છે. પણ રાજ્ય પોતાનો પૈસો ઉંચા સંસ્કારની વૃદ્ધિ કરવામાં વાપરે છે.

જલમાર્ગ ને નહેરો સરકાર બનાવે છે, ને ઉંડી કરે છે.

સહકૃતિની જર્મન લોકની ટેવ વેપારમાં ઘણી ઉપયોગી છે.

અરસપરસના લાભ માટે ભેગા થવું એ જર્મનોમાં પ્રકૃતિ ગુણ છે. ૧૫ માં ૧ કોઇ ને કોઇ સહકારી મંડળના સભ્ય છે. વિલાયતમાં ૨૦ માં ૧ છે. સહકારી મંડળીઓ (૧) કરજ લેવાની, (૨) વેપારનો કાચો માલ ખરીદવાની, (૩) વેપાર કરવાની, (૪) ઉત્પત્તિ નીપજાવવાની, (૫) ખોરાક મેળવવાની, અને (૬) ઘર બાંધવાની છે. ગામડાનો મહેતાજી સહકારી બેન્કનો મંત્રી થાય છે. તે કસરતે ઉત્તેજન આપે છે અને આડે દહાડે એકઠાર કરીને ગામડાના લોકની બચત ઉઘરાવે છે. લોકોની નીતિ ઉંચી કરવાનો આવી મંડળીઓનો હેતુ છે.

જર્મનીમાં દરેક શહેરમાં મ્યુનિસિપેલિટીની સેવીંગ બેન્ક હોય છે. તે આબાદ હોય છે.

સૃષ્ટિમાં જે ફેરફાર થાય છે તે તુટક ને આચકા જેવા બળથી થતા નથી. તે જ પ્રમાણે સંસારનું બંધારણ મનકલ્પિત માર્ગવડે નાશ પામતું નથી. ધીમે ધીમે જુનું બદલાઇ નવું થાય છે.

એક નિશાન, એક જીવ, ને સંપ હોય તો જ ખરૂં ફળ થાય.

**લિ. બ. અંબાલાલ સાકરલાલ દેસાઈ.**

# ઇચ્છા.

( અનુસંધાન ગતાંક પાને ૩૩૫ થી ચાલુ. )

પરંતુ પરિશ્રમ સહન કરે છે, અને ઈપ્સિતાર્થ સિદ્ધ થયે તેને પ્રાપ્ત પદાર્થો એવા પરિચિત થાય છે કે તેથી તે અસંતુષ્ટ બને છે. તે ઇચ્છાના વિષયની પસંદગી કરવામાં પોતાની થએલી ભૂલ માટે ઘણા સમય સુધી પશ્ચાત્તાપ કરે છે અને અન્ય વિષયની સ્પૃહા કરે છે. આની સારી સમજ માટે નીચેનું ઉદાહરણ ઉપયોગી થઈ પડશે. એક સમયે એક મજુર હતો, જે હમેશાં પત્થરના કકડાઓ ભાગીને નિર્વાહ કરતો. તે સવારમાં પત્થરને ભાગતો અને મધ્યાહ્નને સુકો પાકો રોટલો ખાવા બેસતો. તે નિરંતર અન્ય સુખી લોકોને જોઈને મનમાં ઈર્ષ્યા કરતો, અને ધારતો કે તે પણ તેવો સુખી હોત તો કેવું સારૂં ! આ સમયે એક દ્રવ્યવાન મનુષ્યને તે રસ્તે થઈને પસાર થતો તેણે જોયો. તે રેશમી ગાદીવાળી સુંદર પાલખીમાં આરૂઢ થએલો હતો. સેવકો તેની શિબિકાને વહન કરતા હતા. તેની પાલખી આગળ અનુચરો દોડતા હતા, તેની શિબિકાની બન્ને બાજુએ સેવકો વીંઝણા વડે વાયુ નાંખતા હતા. આ સર્વ સુંદર અને મનોહર દેખાવ જોઈને જીર્ણ અને ફાટાંતુટાં વસ્ત્ર ધારણ કરેલા છે તે શાન્ત મજુરને ઈર્ષ્યા થઈ આવી. તેણે મનમાં ઇચ્છા કરી કે હું આવો દ્રવ્યવાન મનુષ્ય હોઉં તો કેવું સારૂં ! તેણે વિચાર્યું કે જો એમ બને તો મારે આવી પત્થરની ભૂમિની શય્યાને બદલે રેશમી ગાદી તકીયાનાં બીછાનાં હોય અને અનેક અનુચરો મારી સેવામાં તત્પર હોય ! જ્યારે તે આવું ચિન્તવન કરતો હતો તેવામાં શ્રમને લીધે તે એકાએક નિદ્રાવશ થયો ! નિદ્રામાં પણ પેલા ગૃહસ્થના વિચારોનાં તેને સ્વપ્ન આવવા લાગ્યાં. સ્વપ્નમાં તેણે એકાએક કોઈ દૈવી પુરૂષને પોતાની સમક્ષ ઉભેલો જોયો ! તે દૈવી પુરૂષે તેની ઇચ્છા જાણી તેને કહ્યું કે તારી ઇચ્છા સફળ થાઓ ! આટલું કહી તે દૈવી પુરૂષ અદૃશ્ય થયો ! પશ્ચાત્ સ્વપ્નમાં તે મજુરને માલુમ પડયું કે તે પોતે પેલા દ્રવ્યવાન ગૃહસ્થની જગ્યાએ સુતેલો હતો ! તેનાં ફાટાંતુટાં જીર્ણ વસ્ત્રોને બદલે સુંદર પોષાક અને રેશમી જામો તેણે ધારણ કર્યો હતો. અનુચરો સુવર્ણમય પ્યાલામાં ઠંડું શીતળ જળ તેની આગળ ભરતા હતા. પોતાના હસ્તપાદ પ્રતિ દૃષ્ટિ કરતાં તેજોમય રત્નજડિત સુવર્ણમય અલંકારો તેની દૃષ્ટિએ પડયા. આ જોઈ તે મજુરને અત્યંત આનંદ થયો, અને તેણે વિચાર્યું કે હું હવે સંતોષી થઈશ. ત્યારબાદ અલ્પ સમયે તેણે અનુચરોને આજ્ઞા કરી કે મને શહેરમાં ફરવા લેઈ જાઓ ! અનુચરો તેને શિબિકારૂઢ કરી શહેરમાં ફરવા લેઈ ગયા.

શહેરના રસ્તામાં મનુષ્યોની મેદની હતી, પરંતુ સર્વે મનુષ્યો તે દ્રવ્યવાન મનુષ્યને પસાર થવા દેવા માટે બાજુએ ખસી જતા હતા. કેટલાક મનુષ્યો તેને નમન કરતા તથા માન આપતા. આ સર્વ દેખાવ જોઈ મજુર પોતાની જાતને ધન્યવાદ આપવા લાગ્યો. એવામાં તેણે શ્યામ પોષાક ધારણ કરેલા કોઈ નૃપના અંગરક્ષકોને જોયા. તેઓએ હાથમાં નગ્ન ખડ્ગ ધારણ કરી હતી અને માર્ગમાં અશ્વ દોડાવતા આગળ ધસી આવતા હતા. તેમને જોઈને લોકો માર્ગની બન્ને બાજુ ભણી ખસી જતા હતા. આખરે તેઓ જ્યાં આ સમૃદ્ધિવાન મનુષ્યની શિબિકા હતી ત્યાં આવી પહોંચ્યા. તેઓએ તેની શિબિકાને પણ રસ્તાની બાજુએ દૂર ખસેડાવી, અને રાજાની સ્વારી પસાર થાય ત્યાં સુધી તેને ત્યાંજ થોભી રહેવાની ફરજ પાડી.

આ જોઇ તે દ્રવ્યવાન–ગૃહસ્થ ક્રોધના આવેશમાં આવી ગયો અને અનુચરોને પૂછ્યું કે તમે શામાટે આગળ ચાલતા નથી ? તેઓએ પ્રત્યુત્તર આપ્યો કે હે પ્રભુ ! આ માર્ગે થઇને નૃપની સ્વારી પધારવાની છે અને તેમના આગમન માટે માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો છે. આ પ્રમાણે વાતચીત ચાલતી હતી તે દરમ્યાનમાં રણશિંગાનો નાદ તેમના કાને પડ્યો અને નૃપની સ્વારી ત્યાંથી પસાર થઇ. તે ગજારૂઢ થયેલા હતા. સુંદર અને મૂલ્યવાન–વસ્ત્રાભૂષણથી અલંકૃત અનેક અમીર ઉમરાવો તેમની સેવામાં હાજર હતા. આ સર્વ દેખાવ જોઇને તે ધનિકનું હૃદય ઇર્ષા પૂર્ણ થયું. તેણે વિચાર્યું કે, અરે ! આ નૃપની તુલનામાં મારી સત્તા; અને સમૃદ્ધિ શા લેખામાં છે ! તેણે વિચાર્યું કે હું આવો નૃપતિ હોઉં તો કેવું સારૂં ! આ પછી તેનું હૃદય ચિંતાગ્રસ્ત રહેવા લાગ્યું, તેની શ્રીમંતાઇ અને સંપત્તિ તેને અસંતોષી થઇ પડ્યાં. તે નૃપતિ બનવાની ચિન્તા ધરતો હતો એવામાં પુનઃ પેલો દૈવી પુરૂષનો તેને સાક્ષાત્કાર થયો. તેણે પુનઃ વરદાન આપ્યું કે તારી ઇચ્છા સફળ થાઓ ! પશ્ચાત્ તે નિમિષ માત્રમાં ધનિક મટીને નૃપતિ બન્યો ! તે ગજારૂઢ થઇ શહેરમાં ફરતો ત્યારે સર્વ લોકો તેને સાષ્ટાંગ પ્રણામ કરતા આ પરથી તેને ભાસતું કે આખા શહેરમાં તેજ મહાન પુરૂષ હતો. સર્વ મનુષ્યો તેની ઇચ્છા પ્રમાણે ચાલતા અને આજ્ઞાને પરિપાલન કરતા. એક સમયે ઉષ્ણ કાળમાં તે ગજારૂઢ થઇને શહેરમાં ફરતો હતો તેવામાં સૂર્ય તેને ઘણો ગરમ લાગ્યો. તેણે સેવકોને મસ્તકપર છત્ર ધરવાને આજ્ઞા કરી પરંતુ રક્ત રેશમી વસ્ત્રના છત્રમાંથી પણ તેને સૂર્યનાં કિરણો ગરમ લાગવા માંડયા. ગરમી ન સહન થવાથી તે ક્રોધાયમાન થયો ! તેણે વિચાર્યું કે અરે ! રાજા હોવું એ પણ શા કામનું છે. રાજા કરતાં પણ આ સૂર્ય વિશેષ બળવાન છે હું સૂર્ય હોઉં તો સારૂં. એક ક્ષણમાં તેની ઇચ્છા તૃપ્ત થઇ અને તે સૂર્ય બન્યો. હવે પોતે કેવો બળવાન છે એવું દર્શાવવાને તેણે પોતાના પ્રચણ્ડ કિરણોને પ્રસરાવી ભૂતલને બાળી ભસ્મ કરવા લાગ્યો. નદી, નાળાં, ઝાડપાન સર્વે સુકાઇ જવા લાગ્યાં. પાનાંખરી ઝાડો ઠુંઠાં જેવાં થઇ ગયાં. ઢોરો પણ ક્ષુધા તૃષાદિથી દુઃખી થવા લાગ્યાં. આ સર્વ જોઇ તે મજુર પોતાના સામર્થ્યનો પ્રતાપ જાણી મનમાં ખુશી થવા લાગ્યો ! એવામાં એક દિવસ આકાશમાં એકાએક વાદળ ઘેરાવા લાગ્યું તે સર્વત્ર ફેલાયું. તેણે સર્વત્ર ફેલાઇ, સૂર્યને આચ્છાદિત કરી આકાશને અંધકારમય કર્યું. આથી ગુસ્સે થઇ સૂર્યે વાદળને આજ્ઞા કરી કે તું મારા માર્ગમાંથી દૂર જા ! શા માટે તું મારા કિરણોનો રોધ કરે છે ! પરંતુ મેઘે તેની કાંઇ દરકાર કરી નહિ. આ પરથી સૂર્યે વિચાર્યું કે શું મારા કરતાં મેઘ વિશેષ સામર્થ્યવાન છે, જો એમ છે તો હું મેઘ હોઉં તો કેવું સારૂં થાય ! પુનઃ એકવાર તેનું સ્વરૂપ બદલાઇ ગયું અને તે કાળોમેઘ બની રહ્યો. ને સૂર્ય સામે પ્રસરાયો અને પૃથ્વીતલપર વૃષ્ટિ કરવા લાગ્યો. પ્રથમ અલ્પ મેઘ વડે તેણે ઝાડપાનને પુનર્જીવન આપ્યું પણ સમય જતાં પુષ્કળ વૃષ્ટિવડે ઝાડપાનને તેણે નિર્મૂળ કર્યા. નદીનાળાં રેલછેલ થઇ ગયાં. નાનાં ગામો તણાઇ જવા લાગ્યાં. જમીન ધોવાઇ જવા લાગી. પોતે કરેલું આ સર્વ નુકશાન અને સ્વપરાક્રમ જોઇને તે પોતાના સામર્થ્યના ભાનથી અત્યંત આહ્લાદિત બન્યો. તેણે નીચે દૃષ્ટિ કરી તો એક પર્વત તેની દૃષ્ટિએ પડ્યો. મેઘે પૂરજોસથી તેના પર વૃષ્ટિ કરી, પરંતુ પ્રબળ ઝંઝાવાત અને મુશળધાર વૃષ્ટિથી પણ તે પર્વતને કાંઇ અસર થઇ નહિ. તે તોફાની પવન અને વૃષ્ટિ દરમ્યાનમાં પણ તે પર્વત નિશ્ચળ અને અડગ રહ્યો. આ જોઇ મેઘે વિચાર્યું કે આ પૃથ્વીતળ પર માત્ર એકજ ચીજ છે કે જે મારી સામે થઇ શકે છે ! અરે ! હું આ પર્વત હોઉં તો કેવું સારૂં ! જો એમ થાય તો આખી પૃથ્વી

પર હું સર્વ શક્તિમાન થઇ શકું. આ ચિન્તવન કરતાં તેની-ઇચ્છા પુનઃ સફળ થઇ અને તે પર્વત બન્યો ! હવે જો કે સૂર્ય તેનાં પ્રખર કિરણો ફેલાવે કે મેઘ મૂશળાધાર વૃષ્ટિ કરે અગર પવન પ્રબળ વેગથી વાય તો પણ તેની કાંઇ પણ અસર પર્વતને થઇ શકે નહિ. આ સર્વ દરમ્યાનમાં તે અડગ અને નિશ્ચલ રહેતો. આ સ્થિતિ જોઇ હવે તે પોતાના સામર્થ્યનો ગર્વિષ્ટ બન્યો. એવામાં એક દિવસે તે પર્વતે પોતાની તળેટીએ ટપટપ થતો અવાજ સાંભળ્યો. ત્યાં દૃષ્ટિ કરતાં તેણે એક મનુષ્ય જોયો. તેણે ફાટાં તુટાં–જીર્ણ વસ્ત્રો પરિધાન કરેલાં હતાં. તે કોદાળી અને ચાંચવા વડે પત્થરો ખોદતો હતો અને હથોડીવડે તેના કકડા કરતો હતો. આ દેખાવ જોઇ પર્વતે ક્રોધાયમાન થઇને કહ્યું રે ! મનુષ્ય ! તું બોલ ! તું મારી સાથે આવી દુષ્ટ રીતે વર્ત્તવાની કેમ હિમ્મત ધરે છે ! પરંતુ તે મનુષ્યે તેની કાંઇ પરવા કરી નહિ. તે તો પત્થરો ખોદવા લાગ્યો. આ જોઇ પર્વતે વિચાર્યું કે અરે ! આવું કંગાળ પ્રાણી શું મારા પર સત્તા ભોગવે છે ! જો આમજ છે તો હું પત્થર ખોદનાર હોત તો પણ વધારે સારૂં ! આ પર્વત બનવાથી શો લાભ છે ! આ સમયે પેલો દૈવી પુરૂષ તેની દૃષ્ટિએ પડ્યો અને તેને કહ્યું તારી ઇચ્છા પ્રમાણે થાઓ ! અને તું તારી આ ઇચ્છાથી નિરંતર તૃપ્ત રહેતાં શીખજે ! આથી તે મજુર તેની મૂળ સ્થિતિમાં આવ્યો અને સ્વપ્નમાંથી જાગૃત થતાં તેણે પોતાની જાતને તેની મૂળ સ્થિતિમાં પુનઃ જોઇ; હવે જો કે આ સ્થિતિમાં તેને ખોરાક–રોજી અલ્પ મળતી અને તેને સખ્ત કામ કરવું પડતું હતું તોપણ તેણે ઉમદા બોધ પ્રાપ્ત કર્યો કે "ઇચ્છાના ઘોડા તરંગોને વશ વર્ત્તવા કરતાં પોતાની સ્થિતિથી સંતોષ માનવો એ ઉપયુક્ત છે." જો કે આ સાદી અને કલ્પિત વાર્ત્તા છે છતાં તે પરથી આપણે ઉત્પ્રેક્ષા કરી શકીએ કે આપણી દૃષ્ટિસમક્ષ રજુ થતા અનેક પદાર્થો (વિષયો) વા અનેક સંયોગો મનને આકર્ષે છે, અને આપણી ઇચ્છાના વિષયનું ક્ષેત્ર વિસ્તૃત કરે છે. સામાન્ય રીતે મનુષ્યને ઇપ્સિતાર્થથી સંતોષ થાય ! પરંતુ તેમાં વિચિત્રતા આણનાર આ પરિસ્થિતિ અને સંયોગોની મનપરની અસર છે. આપણી કલ્પિત વાર્ત્તામાં દર્શાવેલો દૈવી પુરૂષ એ મનની પ્રબળ ઇચ્છા–ભાવના છે. અને **યાદૃશી ભાવના, તાદૃશી સિદ્ધિર્ભવતિ।** એ ઉક્તિ અનુસારે આપણી ભાવના, (અર્થની સિદ્ધિ માટેનો નિશ્ચય) અને તેને અનુસરીને કરેલો યત્ન, કાર્યની સફળતાને સમીપ આણે છે. આ કલ્પિત દૃષ્ટાંત પરથી આપણે જોઇએ છીએ કે ઇપ્સિતાર્થ નિરંતર બદલાયાં કરે છે, અને પરિણામે ઇચ્છાના વિષયની વિચિત્રતાના પ્રમાણમાં ચિત્તવૃત્તિનો (ઇચ્છા અને ક્રિયાનો) વ્યાપાર ચાલુ રાખવા કરતાં સંતોષમાંજ સુખ સમાયેલું છે.

**ભોગીલાલ મગનલાલ શાહ.**

---

પોતાની સ્ત્રી, ભોજન અને ધન આ ત્રણ વસ્તુમાં મનુષ્યે સંતોષ રાખવો ઘટે છે. પરન્તુ વિદ્યાભ્યાસ કરવો, જપ કરવો, અને દાન કરવું, એ ત્રણે બાબતોમાં કદી પણ સંતોષ ન રાખવો. * * * દયા રહિત ધર્મનો ત્યાગ કરવો, વિદ્યારહિત ગુરૂનો ત્યાગ કરવો, ક્રોધમુખી સ્ત્રીનો ત્યાગ કરવો અને સ્નેહરહિત બાંધવોનો ત્યાગ કરવો. **( ચાણાક્ય નીતિ. )**

જે બનવા જેવું નથી તે બનવાનું નથી; જે બનવાનું છે તે બનશેજ; પાણીમાં ગાડું ચાલવાનું નથી, અને જમીન પર નાવ ફરવાનું નથી. **( હિતોપદેશક. )**

લોભથી બુદ્ધિ ચળે છે. લોભે આશા વધે છે. અને આશા વધે છે એટલે આ લોકમાં પરલોકમાં દુઃખ થાય છે. **( વિષ્ણુ શર્મા. )**

# सन्यास अने शिष्यव्रत.

( જાન્યુઆરીના અંકથી ચાલુ. )

ઓખાહરણની ચોપાઈની ચાલ.

જગત ઝંપ્યું ને રાત અન્ધારી,
સુતો ચન્દ્રસિંહ શય્યા ઢાળી;
શિષ્ય વ્રત ને સાચો સન્યાસ,
વિચારે તે પામે પ્રકાશ.
માનું કૃતાર્થ જીવન આજ,
મારે અધિન મુજ મનોરાજ્ય;
મારે મસ્તિષ્ક ગાદીનો તાજ,
મારા આત્માને સંતોષે આજ;
થયો અજાણે મિત્રાપરાધ,
માગી પસ્તાઈ ખુલ્લી મેં માફ;
મુજ પત્ની—જે વિશુદ્ધ શીલે,
જેને દેખી દયા ઝરે દીલે:
કીધું સ્વાગત તેનું અબાધ્ય,
ભલે વંચાતો લોકાપવાદ;
અપવાદક લોક અજ્ઞાન,
કરો ઇશ્વર તેનું કલ્યાણ.

અનુષ્ટુપ.

બુદ્ધના બોધનાં તત્વો, ચન્દ્રસિંહ પ્રતિપળે;
સ્મરે, સાધે ત્યજી તૃષ્ણા લોક માનાપમાનની.

શાર્દૂલ.

ઊભેલી નિજ દૃષ્ટિમાં બુદ્ધ રમે ભાવો સમષ્ટિ ભર્યા,
ખુલ્યાં તે "ધન્ય" ચક્ષુ ચન્દ્રનૃપનાં કો કારમી ચીસથી;
ઊભો આર્દ્રક ખૂની ખંજર સહી ઘેર્યો દીસે રક્ષકે,
આસ્મિક બનાવ ઉર નૃપતિ ના લેશ જાણી શકે.
કિન્તુ જેનાં નેત્ર ને હૃદયમાં ધિક્કાર વા મોહને,
સ્થાને, સ્નેહ, દયા, કૃપા વસી રહી, તેવા મયાળુ નૃપે;
આજ્ઞા કીધ ત્વરિત રક્ષક પ્રતિ, છૂટો કર્યો ખૂનીને;
પૂછે શાન્તિ, ગભીર પ્રેમ ધરીને કુકર્મનું કારણ.

ઢોર:

તુજ કનિષ્ટ બન્ધુએ કીધ,
આજ્ઞા પાળવા ખંજર લીધ;
થઇ નૃપાળ માગી માફ,
ગણી મિત્ર તણો અપરાધ!

ત્યજી વિપ્રનો સત્કાર,
ન્હોય ધર્મ હમારો ભૂપાળ;
લોક પખે ભૂંડું અપાર,
બન્ધુ ખમે ન અત્યાચાર;
કુલ, ગાદીને લાગે કલંક,
બ્હેતર તેથી જીવન અંત;
આમ બન્ધુને ઝર્યું ઝનૂન,
મને મોકલ્યો કરવા ખૂન.

અનુષ્ટુપ.

ખૂન છે આ દેહ કાજે, પુણ્ય જ્યાં પણ આત્મનું;
અંગ સત્તા કરે શું ત્યાં ? લે ઉભો કર ખૂન તું;
બન્ધુની માન્યતા પેંડે જો મ્હારા અવસાનથી;
સુખી પોતે તથા વિશ્વ, તો મ્હારે જીવવું નથી.

ઉદ્ગાર.

નથી શાશ્વતને સંકોચ,
મને મરતાં આટલો શોક:
પ્રભુ અધિન જે શુદ્ધ ન્યાય,
મ્હારો બન્ધુ તે છીનવી લેય !
દયા બન્ધુના અજ્ઞાન,
ની મુજ દઝવી રહી પ્રાણ !
હોય જગતના હિત માટ,
ધરે મને કશો ન ઉચાટ.

અનુષ્ટુપ.

રક્ષકો થયા સ્તબ્ધ ઉભા, સાંભળી મૃત્યુ માગણી;
સ્તબ્ધ ખૂની ઉભો પૂછે, સત્યાસત્ય રહસ્યને,

ઓખાહરણની ચોપાઇની ચાલ.

પોતે બુદ્ધશું પામ્યો પ્રબોધ,
દીધો આર્દ્રને ભૂલી વિરોધ;
ભૂલ્યો નૃપનો બન્ધુ ય ક્રોધ,
સૌ ભોગવે ભલા વિનોદ.

અનુષ્ટુપ.

એક દહાડો થઇ ઇચ્છા બાંકુને બુદ્ધ દર્શની,
જમ્બુકુંજે ગયો લેઇ ચન્દ્રસિંહ સહર્ષથી;
ધન્ય ત્હારું આજથી છે સન્યસ્તઃ પ્રિય રાજવી !
અને " મ્હારો " આજથી તું શિષ્ય સાચોઃ બુદ્ધ કહે.

અમદાવાદ.
તા. ૨૩—૨—૧૬. }

કેશવ હ. શેઠ.

# પ્રેમઘેલા પ્રવાસીનું પવિત્ર જીવન !

(અનુસંધાન ગતાંક પાને ૩૪૩ થી ચાલુ.)

## પ્રકરણ ૭ મું.

### છુટકારો.

આહો હો ! દ્રશ્ય એ પેલું, આત્ર સૌ ટીલાં કરે;
અને શાંતિ–સમાધિને, ચિત્ર એ પળમાં હરે !

હશે શું સત્ય કે મિથ્યા ? કોઇએ સમજાય ના;
અને કુણાં કલેજામાં, તરંગો કઇ કઇ થતા ! **પાહરાકર.**

બીજો દિવસ થયો. પેલા અંધારખાનામાં બેઠો બેઠો માહરૂન એકાન્ત મનથી, ભવિષ્યમાં શું શું થવાનું લખ્યું હશે, તેના વિચાર કરતો હતો. દરવાજાના છિદ્રમાંથી અજવાળું ધીરે ધીરે ઓછું થતું જતું હતું. તેથી બહાર સૂર્ય આથમવા માંડ્યો હશે, એવી ખબર પડતી.

હવે નિષ્ઠુર અંધકાર પાછો મહારૂનને જોરથી ઘેરવા લાગ્યો. બંદિખાનાના એક ખૂણામાં ખાવાની ચીજોનો એક થાળ નજરે પડતો હતો. પણ હેમાંથી એક પણ ચીજ ઓછી થઇ હોય એમ લાગતું નહોતું. એ ખાલી કરવાનું કહેવા એક પહેરેગીર બેચાર આવી ગયો હતો, પણ માહરૂનને ગળે, એ વાત ઉતરી નહોતી. કેમ ઉતરે ! આ પ્રેમ વિવંચના, બંદિવાસ, ને સતત ચિંતા શું મનુષ્યને ઘેલો કરી નાંખવા બસ નથી ? એક રાક્ષસ પણ આ દશામાં ખાઇ શકે નહિ ! તો પ્રેમપરાગથી મઘમઘતા હૃદયવાળો માહરૂન થાળીમાંથી એક પણ ગ્રાસ ખાઇ શકે શું ? ખાવાનું બાજૂએ રહ્યું. પણ તેણે પહેરેગીર સાથે વાત સુદ્ધાંત કરી નહોતી ! અને ખરેખર, તેના જીવનના વિચારોની પ્રણાલિકા સતત વહ્યા કરતી, સરણીમાંથી તેને વાત કરવાને અવકાશ પણ ક્યાં હતો જે ?

લાંબા વખત મુંગે મ્હોંયે વિચારોને વિચારીજ કરવાથી આખરે મનને કંટાળો આવ્યો ! ત્યારે માહરૂને ગણગણવા માંડયું:–હે પાક પરવરદિગાર ! ક્યાં સુધી આ દુઃખ હજી વેઠવું પડશે ? હાય ! મણિધર નાગનો મુકુટ–મણિ તો મલ્યો નહિ, ને ડંશના ઝેરથીજ મરવાનો વખત આવ્યો. યા ખૂદા મ્હારે નસીબે તો આમ થવાનું સર્જીત હશે, પણ પેલી બિચારી પ્રેમ ઘેલુડી પૂતળી–જીવનસોખ સેલિમાની શી દશા થઇ હશે ? સેલિમ ! સેલિમે ! સેલિમા ! મ્હારી માફક શું તું પણ બન્દિવાસમાંજ છું ? આ દુનીઆમાં અદલ ઇન્સાફ, ખરો, પવિત્ર પ્રેમ; વિશ્વાસની દ્રઢતા કે પ્રેમની એક પ્રાણુતા નહિ હોય ? હાય ! તું હજી જીવતી હશે કે ? ગુપ્ત ભોંયરાના કૃષ્ણ કારાગારમાં, કઠોર તાતારીની તીણી તલવારની ધારે વીંધાઇ, હોય બિચારીએ પ્રાણ ત્યજી ગઇ હશ્શે ! હાય ! સેલિમા ! હુંજ બેવકુફ ત્હારા મોતનું–ખુનનું કારણ થઇ પડ્યો ને ? પ્રાણજીવન ક્ષમા કરજે !

છેલ્લા શબ્દો ઉચ્ચારતી વખતે માહરૂન ગાંડાની માફક એક મોટી હાયની ચીસ

મારી ઉઠયો. એ ચીસના રણકારથી કેદખાનાનો ઓરડો ગાજી રહ્યો. એ ગર્જનાએ ઓરડો ને હૃદય સુદ્ધાં ગાજી ઉઠ્યાં–ધ્રુજી ઉઠયાં !

આજ વખતે દરવાજાની બહાર પણ કંઇક અવાજ થયો. માહરૂને ધાર્યું કે જમવાની સામગ્રી લઇ દરોગો આવતો હશે. બારણું ઉઘડ્યું, અને એક માણસ દાખલ થયો. ફાનસ મૂકી, સાથે થાળ હતો તે તેણે એક બાજૂ પર મૂક્યો.

ફાનસનું સખ્ત અજવાળું અંધારે ઘેરાયેલી આંખે માહરૂનથી ખમાયું નહિ. ઘણો વખત સુધી અંધારે રહેવાથી ઘુવડ જેવી આંખો એવી ટેવાઇ હતી કે એ તેજ ખુલ્યું કે તુર્તજ પાછી ને મીંચી લીધી.

એ જોઇ પહેરેગીરે હસીને પૂછ્યું:–" માહરૂન ! કેમ છે ? "

આવા વિચિત્ર સવાલથી માહરૂનનું કાળજું જાણે શરથી વિંધાયું હોય ! તેમ લાગ્યું. માહરૂને તુચ્છકારની નજરથી કહ્યું:–એક સાધારણ કીડી પગ નીચે આવી જતાં, ગમે તેવો **ઇન્સાન** પણ આહા કરી ઉઠે છે. ત્યારે તમે એક માણસ જેવા માણસને આટઆટલું દુઃખ આપો છો તે કેમ નથી થતું ? શું તમારે કલેજુંજ નથી ? શું તમે ઇન્સાન નથી ? કે મ્હારા આ હાલ હવાલ પર જરા દયાએ ન આવે ?

નથી શું લાગતું તમને, કલેજે દુખ આદમનું ?
કલેજે આપને ચાતો, દયાનું બુંદ ના વસતું ?
ગઇ વહાલી–ગયુ ચાલી, બધુએ હા ! ઝહનમથી ?
પરંતુ શું ગઇ ચાલી ? દયા એ આપને મનથી ?

શું તમારે હૃદયે દયા–માયા કાંઇપણ નથી વસતું ?

તે સિપાઇ બોલ્યો:–" દયા કરવાની અમારી સત્તા કેટલી કે અમે દયા કરી શકીએ ? બાપુ, હમે તો ચાકીના ચાકર. તે કહે તેટલું અમારાથી થાય ? બાદશાહનો હુકમ હતો ફક્ત આપને ભૂખેજ મરવા દેવાનો. ત્યાં દયાની લાગણીથી આ વળી ખાવાનું આપી જવાનો બંદોબસ્ત કરવા માંડ્યો છે ? બીજું શું કરૂં ?

માહરૂને તે વાતને હસી કાઢી જવાબ આપ્યો; ત્યારે મહેરબાન ! લઇ જાવ આ બધુ પાછું. સવારે પણ જે મૂકી ગયા હતા. તે બધું પણ મોજૂદ છે. એમનું એમ તપાસી લ્યો ?"

" કેમ હમે કાંઇ ખાધું નથી. "

" ના ! ખાવાની હવે કંઈ જરૂર નથી. જીંદગીમાં જેને મોહ રહે છે, તે ખાય છે. મારે તો મોહ રહ્યો છે ફક્ત હવે મોતનો ! આ ઉપકાર કરો છો, ત્યારે સાથે સાથે જરા ઝહર લાવી આપવાનો પણ ઉપકાર કરોને બાઇ ! તેની ભૂખ ઘણી લાગી છે હવે ! "

પહેરેગીર પાછો જવાનો હતો તેથી એ ઓરડાનાં કમાડ ઉઘાડાં હતાં તે પાછો જતી વખતે એ બારણાની વચ્ચે ઉભો રહી હસ્તે હસ્તે કમાડ બંધ કરતી વખતે જરા માહરૂન તરફ જોઈ મ્હોંણું દેતાં બોલ્યો:–" એતો ઝેર ખાઇને ક્યારનીએ મરી ચુકી હવે હમે ઝેર નહી ખાવ તો પ્રેમનું ગૌરવ કેમ રહેશે ? "

સિપાઇના મ્હોંમાંથી આ શબ્દો નીકળતાંને વ્હેંતજ, બારણું હજી પુરૂં બંધ થયું નથી, ત્યાંતો વકરેલી વાઘણની માફક તેની પર માહરૂન કુદી પડયો. એ મ્હોટાં ભારે લોઢાનાં બારણાંની વચ્ચે સિપાઇનો પગ દબાઇ ગયો. અને દબાનાંની સાથે તમ્મર ખાઇને નીચે પડ્યો.

માહરૂને હજી આવેશમાં જોસભેર ધક્કો દઈને બાર ઉઘાડ્યું, તેના ધક્કાની સાથેજ બાકી રહેલા હોશકોશ ઉડી ગયા. ને તે સિપાઈ મરણ પામ્યો.

માહરૂન પેલા માણસને મરેલો પડ્યો જોઈ સાવ ભાન ભૂલી ગયો. અને ગાંડાની માફક આમથી તેમ દોડવા લાગ્યો. દિવાનીની ઝૂમમાં ને ઝૂમમાં એ સિપાહીનાં કપડાં ઉતારી પોતે પહેરવા માંડ્યાં. અંગરખાપર તલવાર સાથે કમ્મરપટો પણ લટકાવી દીધો, અને તલવાર હાથમાં ઉઘાડી રાખી. બધું સાવચેતીથી તપાસી ફાનસ લઈ કેદખાનાની બહાર ચાલવા માંડ્યું. દિવાનાપણામાં એના અંધારખાનાનાં કમાડ દેવાં તે જરાય ભૂલી નહોતો ગયો.

માહરૂન ત્યાંથી ત્રણ ફાટકો ઓળંગી ત્યાંથી આગળ ચાલ્યો ત્યાં ગુફાનું મ્હોં આવ્યું. પેલા સિપાહીએ અંદર આવતી વખતે ત્રણે ફાટકોનાં બાર ઉઘાડાં રાખ્યાં હતાં તેથી માહરૂનને કોઈ બાધ આવ્યો નહિ. માહરૂન જતે જતે એ બધાંય એક પછી એક વટાવી ગયો, આગળ ચાલતાં એક સીડી આવી, તે પર ચઢીને ઉપર ગયો ને બહારના ખુલ્લા મેદાનમાં આવીને બોલ્યો ! "હાશ હવે નીરાંત થઈ. ત્યાંથી તો નીકળ્યો છું."

સિપાઈ જે શબ્દો છેવટ બોલ્યો હતો, તેનાથી માહરૂનના મુઝાઈ રહેલા મગજ ઉપર ઘણીજ ખરાબ અસર થઈ તેને ઘેલું લાગ્યું. તે દિવાનાની માફક બબડવા લાગ્યો. "સેલિમા, સેલિમા, ત્હેં ઝેર ખાધું છે ? મ્હારે દોષે તું મુઈ ? હું તને છેલ્લીવારે જોવા પણ ન પામ્યો ? હા ! પ્રેમ ઘાતકી. ધીક ! સેલિમા ત્યારે તું ગઈજ ?"

મુઝાઈ ગયેલી છાતી સાથે તે ઉપર આવ્યો. સામેજ એક ઓરડાનું બારણું હતું. ધીરેજથી તે બારણું વટાવ્યું. પણ એટલામાં ઉપરથી એક માણસે બુમ મારી. "કોણ જાય છે એ ?"

માહરૂને પેલા સિપાઈનું નામ લઈ લીધું—"મહમદ હુસેન."

કોઈએ અટકાવ્યો નહિ. આગળ ચાલતાં થોડીજવારમાં સેલિમાનો ઓરડો આવી ઉભો. પહેલાં બારીએ બારીએ જેટલા દીપકો બળતા—લટકતા, ઝળકતા તેનો ચોથો ભાગ પણ આજ ત્યાં નહોતો, માહરૂન ધીરે ધીરે સેલિમાના ઘર સુધી જઈ પહોંચ્યો. "આહા ! એજ ઓરડો ? એજ જગ્યા ? એજ પલંગ ! એજ એજ ! હાય પણ તે ક્યાં ? હાય ! તે નાશકારક, પ્રાણવિનાશક, પણ પવિત્ર હૃદયનું ચુમ્બન ? હા ! સેલિમા, પવિત્રતાની પુતળી ! પેલા પલંગપર કેવી સુખે નિદ્રા લેતી હતી ! મ્હેં પાપીએ વિના વિચારે, મોહવશ થઈ, તેની પવિત્રતા ભંગ કરતું ચુંબન કર્યું ? કોમળ, પવિત્ર કમળની પાંખડીને મ્હેં ભ્રમાઈ ભ્રમરે વિના વિચારે વિષ ડંખ દીધો. ફટ માહરૂન ! લ્યાનત હોજો તુજ પર ! માફ કરજે ખુદા !"

સેલિમાના ઓરડાના દર્શને માહરૂનના પંચ પ્રાણ મુઝાવા લાગ્યા, સૌ સ્મૃતિપટ પર સજીવ થયું. ને વિચારો ઉભરાવા લાગ્યાઃ—

"સેલિમા ! પ્રાણજીવન ! તું ખરેખર શું આ મૃત્યુલોકમાં નથી ? કે પહેરેગીર જુઠું બોલ્યો ? હજી એકવાર ત્હારૂં ભોળું મુખડું જોઈને, જીંદગીનું સાર્થક માની હમેશને માટે ચાલ્યો જઈશ. હવે ત્હારા સુખના માર્ગની શુળ નહિ બનું હોં ! દેવી ક્ષમા કરજે !"

બોલતાં બોલતાં માહરૂનના નેત્ર દ્વાર આગળ એક ન્હાનું અશ્રુબિન્દુ આવી ઉભું. ઉંચી નજર કરી બારણાની અંદર જુવે છે તો, જે દેખાવ તેની નજરે પડ્યો તેથી તે ચમકી ઉઠ્યો. હૈયું ધ્રુજી ઉઠ્યું, છાતીપરનો લોહી પ્રવાહ પણ ઘણોજ વેગથી ચાલવા લાગ્યો. માથું ઘુમવા લાગ્યું. તે જાણે હમણાંજ ફાટી જશે એમ અનુભવ થવા લાગ્યો. જ્યાં નજર નાખી ફરી

અંદર નજર નાંખીને તુર્તજ તે પ્રેમઘેલો પ્રવાસી માહરૂન એક કારમી ચીસ પાડી ભોંયપર ઢુકી પડ્યો. તેનું માથુ ચીરાઈ ગયું. ને ઠોક મરડાઈ. અર્ધ ઘેલો હવે સંપૂર્ણ ઘેલો બન્યો ને ડોળા ફાડી આસપાસ બાવરી દ્રષ્ટિએ ડાફોરીઆં મારવા લાગ્યો ને બરાડી ઉઠ્યો:—

"આ ખૂદા સર્વનાશ! બસ ખલા!"
"હવે તો ઝેરની ગોળી, ઘુમાવી ગળી આજ મ્હેં;
ખૂદાને દેશ જવાનો, આ આદેશ મળ્યો હવે"

## પ્રકરણ ૮ મું.

### ચિર વિદાય !

સલામો છે સહુ વ્હાલાં, હવે મળશું પ્રભૂ દ્વારે !
ગુનાહો માફ કરજો સો, હમે જઇશું પ્રભૂ બારે !
મળીશું માટીમાં મરતાં, મળીશું ના ફરી પાછાં !
પ્રીતિની સૂક્ષ્મ સૃષ્ટિમાં—અમર ફરે સદા વ્હાલાં. **પાદશાકર.**

થોડીવારે કળ વળીને માહરૂન મહાપરાણે હાથના ટેકે ઉભો થયો. ને ફરી ચકરી આવીને ભોંય પર પટકાઈ પડ્યો. આખરે બેઠો બેઠો દ્વાર પાસે ગયો ને દ્વાર પકડી ઉભો થઈ અંદર નજરે નાખવા લાગ્યો. અંદર મોટી મોટી સળગતી મશાલો લઈ આશરે સો એક મશાલચીઓ ઉભા હતા તેઓ એક પછી એક બહાર આવ્યા. તેમને માર્ગ આપવા માહરૂનને જરા આડા ખસવું પડ્યું. આખો સીધો રસ્તો સિપાઇઓથી ગીચોગીચ ભરાતો જતો હતો, અને વચમાં ઘણાજ કીમતી કફનમાં વીંટાયલું એક મુડદું ચાલ્યું આવતું હતું. સૌ શાંત હતું. આટલી બધી ગીરદી છતાં પરમ ગંભિર શાંતિ છવાઈ રહી હતી. મુડદાની આગળ પાછળના સિપાઇઓના હાથમાં ખુલ્લી તલવારો હતી, અને મશાલીઓ પાછળ ચાલ્યા આવતા હતા. મશાલોના પ્રકાશથી સિપાઇઓની ઉઘાડી તલવારો અને કફનનું ઘણુંજ કીમતી મણિમાણેક જડિત કપડું ચળક ચળક ચમકારા મારતાં હતાં.

માહરૂન હવે સમજી ગયો કે, પોતાની સેલિમા પ્રાણાત્મા—જીવનધન—સર્વસ્વ આ દુનીયામાં હવે નથી. તેણે જાણ્યું કે "માનીની, ગરવી, પતિવ્રતા સતી સાધ્વી સેલિમાએ પોતાનું સત્ જાળવવાને ખાતર ઝેર લઈ આપઘાત કર્યો હતો. પણ હાય ! ખરૂં જોતાં સેલિમાના મોતનું કારણ કોણ ? હુંજ ખૂની ! પાપી ! ચાંડાલ—" વિચારમાળા તુટી. તેનું શરીર હાલુંડપ થઈ પડ્યું. બે દિવસો એકજ ભૂખે કાઢેલા અને તે ઉપર આ બધા બનાવો અનુભવવાથી માહરૂન જડવત્ થઇ ગયો. મંત્રેલા સર્પની પેઠે મુગોમુંગો પેલા મુડદાના સરઘસની પાછળ પાછળ ચાલતો ધીરે ધીરે રંગમહેલના દરવાજે થઈ આગળ ચાલ્યો.

મુડદા સાથેનું બધું સરઘસ નદી તીરપરના જંગલમાં આવીને અટક્યું. ગંભિર રાત્રી અને ત્હેમાં ઘાડો અંધકાર તેથી એ સ્થળ ઘણુંજ ગંભિર લાગતું હતું. કુદરતી સૌંદર્ય જાણે શાનધારે ઉકતું હતું. એ અંધારામાં પણ ચારે બાજુથી જંગલી પુષ્પોની ખૂશબો પથરાઈ રહી હતી. ન્હાનાં મ્હોટાં ઝાડો ઉપર તેનાં ડાળી પાંખડાંનાં જાળીઆમાં પણ સોનાના આગીયા ચળક ચળક થયા કરતા હતા. જાણે વેરાતાં માણેક.

જંગલમાંનો શિતળ વાયુ ત્યાંની દરેક વનવલ્લરીનાં સુગંધી કુસુમોને ચૂપકાથી ચૂમી લઇને તેમને ચકિત અને કંપિત કરતો હતો.

કૃષ્ણપક્ષ હતો, હજી ચન્દ્રે દેખા દીધી નહોતી. ગગનમાં થોડાં થોડાં વાદળાં અહીં તહીં ઘૂમ્યા કરે છે. નક્ષત્રો નથી, ચાંદાની દીપીઓ નથી. કેવળ બસ એક અંધકાર પથરાઇ રહ્યો છે, અંધકાર એ મોતનો ઝભ્ભો છે. તેથીજ આજે આટલો બધો અંધકાર સામટો ઉતરી પડ્યો હશે. સેલિમા મરણ પામી તેથી કુદરતને પણ એનો શોક ઉછળી આવ્યો હશે. બધી કુદરત જાણે કાળાં વસ્ત્ર ઓઢી સેલિમાને ખોળે લેવા ત્યાં આવી છે.

બધા મશાલીઓ ગિરિવનના એકાંત ભાગમાં ઉભા રહ્યા. હથીઆરવાળા સિપાઇઓ હેમની પાછળ ગોઠવાયા, આગળના ચોગાનમાં તે પવિત્ર–પુષ્પ સમાન શબને ઉતારીને મુક્યું અને આજૂબાજૂ ઘણી જગ્યા ખાલી રાખી. બધું સરવસ જાણે કોઇની એકાન્તે મને રાહ જોતું હોય એવું સ્થિર હતું. થોડી વારમાં વાદળાં વેરાયાં અને ચંદ્રે ડોકીઉં કર્યું. તે વખતે ઓચિંતા મોતી મહેલ તરફ મશાલોનો ઝળહળતો પ્રકાશ ચમકી રહ્યો. સૌ જાણી ચુક્યા કે હવે દફનક્રિયાનો વખત થયો છે. એ તેજનો અંબાર ધીરે ધીરે આ તરફ આવતો ગયો. સિપાઇ પહેરેગીર વિગેરે અદબથી ખડા થઇ ગયા. પેલી મશાલો સાથે ચાર મોલવીઓને લઇ ખુદ દિલ્લીશ્વર ત્યાં આવી પહોંચ્યા. સિપાઇઓએ હથિઆર નમાવી સલામી ભરી પણ બધા ચૂપ હતા. કોઇને મ્હોંયેથી દિલ્લીશ્વરની જયઘોષણા થઇ શકી નહિ. સેલિમાની લાસને દફનાવવામાં જોઇતી દરેક ચીજની તૈયારી કરી રાખવામાં આવી હતી. પેલા મૌલાનાઓએ એ અંધકારથી છવાયલા ગંભિર સ્થળને જગવીને ત્યાં કુરાનમાં શાંતિસૂચક પવિત્ર કલામો ઉચ્ચારવા માંડ્યા. લાશની ઉપરનું કફન વિધવિધ રંગના સુગંધી ફુલોથી ભરેલું હતું અને કબરની અંદરની તળેનો ભાગ પણ ફુલહાર તોરાથી છાયેલો હતો. ખોદેલી જમીનની ચારે પાસે પણ અગર અને ઇસ્તંબુલ પણ લગાવેલો હતો. એ આખો પ્રદેશ જાણે એ બધાની સુવાસથી મઘમઘી રહ્યો. જાણે સેલિમાના પ્રાણની જે સુગંધ ન હોય ! મૃત સેલિમાના દેહને બહાર કાઢી, ગુલાબજળથી ન્હવરાવી, ત્યારપછી અગર ચંદન વિગેરે ઘણા ખૂશબોદાર પદાર્થોથી તે સુંદર દેહને ચર્ચન કરી, આખરે કફનમાં લપેટી તે શરીરને કબરની અંદર સુવાડતી વખતે બાદશાહ આવેગપૂર્વક અવાજથી બોલી ઉઠ્યા—"સેલિમા ! પરલોકમાં હવે તો મળીશું. ત્હારાપર જે જુલ્મ ગુજર્યું છે તેનું પ્રાયશ્ચિત જીંદગી બધી સળગ્યા કરીશ ત્હોએ નહિ વળે." બે ચાર આંસુ બાદશાહની પાક ચસમમાંથી તે કબર પર પડ્યાં. અને એક ઉંડો નિસાસો પ્રાણની ગંભિર વેદના લઇ ઉડતા શિતળ વાયુ ભેગો મળી ગયો. એ વખતની બાદશાહના દિલની શોશનાને અંતરની જવાળા પેલો લાંબો નિસાસો કે ઉન્હાં આંસુ પુરેપુરી રીતે પ્રકટ કરી શક્યાં નહિ. પ્રિય બેગમ મુમતાઝના મ્હોત વખતે પણ બાદશાહને આટલી બધી દીલગીરી ન્હોતી થઇ. ઉંડા અફસોસમાં ગિરફતાર થઇ મ્હોં ઢાંકીને બાળકની માફક રોતા રોતા સમગ્ર ભારતવર્ષના બાદશાહ શાહજહાન ખાલી સૂનુ સૂનુ જીગર લઇ સેલિમાને કબરમાં મુકી પાછા મહેલ તરફ વળ્યા. પાર્થિવ પંચમહાભૂતનું માટીનું માનવ શરીર માટીમાં મળી ગયું. કાચા સોનાં સરીખું પુષ્પ સમાન સુકોમળ સેલિમાનો માંસલ દેહ ભૂમાતાને ખોળે સુવાડી સૌ વેરાઇ ગયાં. બિચારો પ્રેમની પ્રતિમા, પવિત્રતાની પુતળી ને મહારૂનની જીવનસખી સેલિમા આ વિશ્વની ચિરવિદાય લઇ સ્વર્ગલોકમાં, દિવ્યલોકમાં, પ્રભુની ભૂમિમાં સંચરી ગઇ–ઉડી ગઇ ને સોનાનો મોતી મહેલ શૂન્ય થઇ રહ્યો. જેના તેજથી તે ઝગઝગી રહ્યો હતો તે જવાહીર હવે નથી રહ્યું. કાળની કરાળ ગુફામાં તે લીન થઇ ગયું.

# પ્રકરણ ૯ મું.

## પવિત્રપ્રેમનું દિવ્ય દર્શન.

કવ્વાલી.

જગાવ્યો પ્રેમનો આહલેક, પ્રભૂના આંગણે ઉભી;
જગાડી પ્રેમમૂર્તિને, કબરમાંહે રહી સૂતી.
પળેપળ નામની માળા, નિરંતર પ્રાણનાં દર્શન;
પ્રભૂના પ્રાપ્તિમાં પૂરી, ઉજાળે ઉર, તન, મન, ધન.
નથી જ્યાં સ્થૂળનાં સ્વપ્નો, નિરંતર આત્મનાં દર્શન;
પરાગો પ્રેમનાપુરી, કરાવે આત્મના સંયમ.
પ્રભૂ શાં લ્હાણમાં લેવો. પ્રતિમા દિવ્ય શિરાઝી;
ઉજાળે આત્મ આંગણિયાં, પ્રભૂ પોતેય બિરાજી.

પાદરાકર.

સેલિમાના મૃત્યુને આજ દશ દિવસ વીતી ગયા છે. હજૂ પણ બાદશાહ કોઈની સાથે ખૂલાસેથી વાતચીત પણ કરતા નથી. અને બધો દિવસ ગમગીન રહ્યા કરે છે. હમણાં હમણાં તો બધાય દિવસો બાદશાહે સેલિમાના મોતી મહાલમાંજ વિતાવ્યા છે. પહેલાં મનોમન જે પ્રતિજ્ઞા કરી હતી કે સાતેક દિવસ તો સેલિમાના આવાસમાં રહીશજ. તે એક ધર્મના ફરમાનની માફક તેમણે પાળી. પરંતુ ઘણા ઘણા ઉલ્લાસભર્યા આ સુવર્ણ મંદિરમાંની દેવ પ્રતિમાના અભાવે, બાદશાહે તે દિવસો રડી રડીને ગાળ્યા હતા. અને ખરેખરઃ—

છે ધામ સુન્દર રામનું, પણ રામ નવ નજરે પડે;
આ પ્રેમમન્દિર પ્રાણનું, પણ પ્રાણવિણ ખાલી ખરે !
હા ! બાગીચે ખાલી રહ્યું, જીવન જતાં નિર્જર બની !
વ્હાલાં વિયોગે વ્હાલ સોયાં, વ્હાલીડાંની એ ગતિ ! ! !

પાદરાકર.

હવે પહેલાંનું હાસ્ય નથી, આંખમાં આંસુ ઝળઝળે છે, પ્રેમ નથી ને વિરહ રહ્યો છે. પ્રીતિના બદલામાં બાદશાહનું મન પશ્ચાતાપથી સળગી રહ્યું છે. હવે પહેલાંની ઉજમાળી આશાઓ નથી, નિરાશાનો એકાંત અન્ધકાર વર્તી રહ્યો છે. પ્રેમની જગ્યા પ્રતારણાએ લીધી છે, દેવી અલોપ થઈ ગઈ, ત્હેની જગ્યાએ દાનવી આવીને ખડા સ્હામે ઘૂરકી રહી છે. ખૂશબોદાર અત્તિના તેજથી ઝળઝળતો સુવર્ણ મંડિત ઓરડો, કોહવાઈ ગયેલા સુન્દર પુષ્પસમાન—સડી રહેલા મશાણ જેવો હવે લાગે છે.

બાદશાહ કોઈવાર સેલિમાની ખાલી પડેલી સેજપર આળોટી સતી નજરે પડેકવાર બ્હારના રસ્તા તરફ જોઈ રહે છે તો કોઈવાર અડધી રાતના ઝબકી ઉઠી ભૂરા આકાશ તરફ ઉદાસ વૃત્તિથી જોઈ જોઈ થાકીને આંસુથી કપડાં પલાળી મુકે છે. સેલિમા સ્વર્ગમાં છે. ત્હેની ઉદાસ-દૃષ્ટિ, ઉંચે ચ્હોંટી રહેતી પણ આકાશમાં આટલાં બધાં નક્ષત્રો ચળકી રહ્યાં છે. એમાં મ્હારી સેલિમા કઇ હશે ? અને હોય તો પણ એના જેવા પાપીની નજરે હવે કેમ પડે ?

સેલિમાની વસ્તીથી શૂન્ય થઈ રહેલ, તેથી ઉજડ લાગે છે, છતાં દિવાનખાનામાં પગલે પગલે સેલિમાની યાદ જાગી ઉઠે છે. એનું વીન્ અને એનું સિતાર, હજી ત્યાંનાં ત્યાંજ ટિંગાઈ રહ્યાં છે. પણ એ નથી, એની મોતીનીમાળા, એનો રત્ન જડિત પેશવાજ, નાકપરની એ મૂલી મોતીની વાળી, અને તે સાદુ ગુલાબી ઓઢણું એ સૌ ત્યાં પડિ રહ્યાં છે, પણ એ નથી. આધાર રહ્યો છે, આધેય નથી. પ્રેમ રહ્યો છે, પાત્ર નથી. સંગીતની લહરિ રહી છે, સંગીત નથી. સુવાસ રહી છે, ફુલ ખરી પડ્યું છે. જે ખરૂ સુન્દર, જેની સુન્દરતાથી સર્વસ્વ સુન્દર દીસતું તે નથી. ફક્ત તેની યાદ છે લાંબો નિસાસ, અને આંખે આંસુની માળ !

જિન્નત બેગમનું હવે કોઈ નામ સરખું પણ લે છે, તો બાદશાહને તે અકારૂ લાગે છે. એક દિવસ જિન્નત બેગમે બાદશાહની મુલાકાત ચાહી. તેના જવાબમાં શાહે હુકમ કર્યો કે:— " ઇસ્કો બિલાદો ફેંકો. " દુઃખનો વખત સહમજી લઈ, તેજ દિવસે જિન્નતે કાશ્મિર છોડ્યું ને દિલ્હી નિવાસ કર્યો.

બાદશાહ હરરોજ મનમાં એજ વિચારો આવવાથી બળ્યાં કરતો કે—" હુંજ સેલિમાના મોતનું ખરૂ કારણ છું. ખોટો શક લાવી મ્હેંજ મૂર્ખાએ એને ગુમાવી કારણ કેઃ—

હતી એ સ્વર્ગથી આવી,
 કયાણુ સ્વર્ગની દેવી:
મ્હને ઉદ્ધારવા—દેવા—
 અમોલાં લ્હાણુલાં દૈવી.

અને ખરૂં છે કે, દૈવીપ્રેમના પાત્ર હમેશાં અપાત્ર, બેકદર—મૂર્ખ માલિક જે જવલ્લે પડે છે, ને આખરેઃ—

અભાગી પ્રેમ પ્યાલાને,
 શકે ના પી—પીવાડીયે:
અફાળીને કરી કટકા,—
 પ્રીતિનું પાત્ર ઢોલી દે !

આજ હવે શાહને ભાન આવ્યું. રાંડ્યા પછી ડહાપણ આવ્યું. તે આજેજ પવિત્ર બેગમની, અવ્યાજ મનોહર અનિર્વચનીય સુન્દરી સેલિમાની, કદર ને કીંમત સહમજી શક્યો. તે હવે તેને ગુમાવવા માટે છાતીમાં મુક્કીઓ મારી રડવા લાગ્યો. ઓ કુલ હિન્દુસ્તાનના શહેનશાહ તહારૂ આ ડહાપણ પહેલાં ક્યાં ગયું હતું. પણઃ—

પછીથી સુઝતું તે જો,—
 પહેલાં સ્હમજાય તો,
અનર્થો—પાપ—પસ્તાવા,—
 સમૂળા નવ થાય હા !

શોકમાંજ ગિરફતાર રહેતા હોવાથી માહરૂનના બન્દિખાના સંબંધી ખબર લેવાનું બાદશાહ સમૂળગું ભૂલીજ ગયા હતા. કબર તૈયાર કરાવવાની ધાલમેલમાં અને સેલિમાના શોચમાં એ વાતની ખબર કઢાવવાનો વખતજ નહોતો. જે દિવસે ખબર કાઢી ત્યારે સાંભળ્યું કે, બન્દિવાન કેદખાનામાંજ ભૂખે તરફડી આપઘાત કરીને મરી ગયો છે. ખરી હકીકત શું બની તે તેમને કાને આવી શકી નહિ. માહરૂન જે પહેરેગીરને મારી ન્હાસી છૂટ્યો હતો, તે વાત બીજે

દિવસેજ ઉઘાડી પડી. કેદખાનામાંથી કેદી ન્હાસી ગયો છે, એવી બિના બાદશાહને જાહેર થાય તો પહેરેગીરોના જાનમાલની ખરાબી થયા વિના રહે નહિ. એટલા માટેજ બધા સરદાર તથા દારોગાએ મળીને ગપ ઉરાડી કે અનિરુદ્ધ પોતાના મેળેજ કેદખાનામાં મરી ગયો છે. આથી કરીને ગમગીન બાદશાહને કાને પણ આ બનાવટી સમાચારજ પ્હોંચાડવામાં આવ્યા.

એક દિવસ બાદશાહને મરજી થઇ આવી કે, એક વાર સેલિમાની કબર જોવા જવું અને ત્યાંજ એક રાત સૂઇ રહીને જીગરની આગ બુઝાવવી. કોઇને પણ સાથે લીધા વિના એક દિવસ એકલા પોતેજ ચાલી નીકળ્યા, ખુલ્લા મેદાનમાં ઉભા રહ્યા. વેરાન પ્રદેશમાં મધરાતને વખતે ત્યાં દાખલ થતાં શાહનું સાહસી હૈયું પણ કંપી ઉઠયું.

ઝાડ–પાનનાં કાળાં કાળાં ઝુંડમાં સંતાઇને આંગળી વતે બતાવતે બતાવતે જાણે કોઇ બોલતું ન હોય ! "જો ભાઇ આ પેલા જીવ લેનાર આવે !"

તારાજડિત ગગને બેસીને જાણે સેલિમા કહે છે:—"આવો, અહિંઆ ઉપર આવો. તો હું મળીશ. કબરમાં મ્હારૂં જે હતું તે તો માટી સાથે મળી ગયું છે !"

રાત્રિનો સિસકારતો વાયુ જાણે ફુફાડો રહ્યો છે. "ધિક્કાર છે, અધીર અવિશ્વાસી ! આ પ્રેમ ત્હારો પહેલાં ક્યાં જતો રહ્યો હતો ?"

શુક્લપક્ષનો વખત હતો. ઝાડ ઝાડનાં પાંદડાંઓ ઉપર, વેલિ ફુલોના સુકુમાર શરીર પર, સફેદ લહરિઓવાળી ગૌરિ નદીના હૈયા પર, અને પેલી આઘે જણાતી સંગેમરમરની જાંટચ જડિત સેલિમાની કબર ઉપર હાલતા ચન્દ્રિકાના શુભ્ર કિરણો વરસતાં હતાં.

ઓચિંતા બધી શાંતિનો ભંગ કરતો એક દિવ્ય નાદ રેલાતો હોય તેમ લાગ્યું. મધુર બંસીનો એ નાદ હતો. આવા એકાન્તમાં આટલી રાત્રિએ બંસી કોણ વગાડતું હશે ? બાદશાહના મનમાં કંઇ કંઇ તર્ક–વિતર્કો ઉછળવા માંડ્યા. ધીરે ધીરે બંસી કરૂણ મૂર્છનામાં રોવા લાગી. બાદશાહનો કંઠ પણ ગદ્ગદ થયો અને આંસુ આવ્યાં.

સંગીતની અજબ શક્તિએ પાછી બાદશાહની વિચારમાળા ઉરાડી અને સમાધિમાંથી જાગ્યા હોય તેમ સ્થિર થયા. હુંશીયાર થઇ સંગીતનો અવાજ જે બાજુ તરફથી આવતો હતો તે તરફ પગ વાળ્યા.

એક ભયંકર ડાળ–ડાંખળિવાળું મ્હોટું ઝાડ શાહજહાનની પ્રીય બેગમ સેલિમાની કબર આગળ આડ કરી ઉભું રહ્યું હતું. પણ ચન્દ્રિકા જાગતી હતી એટલે ડાંખળાની જાળામાંથી જોઇ શકાય તેવું હતું. બાદશાહના તીણી નજરે જોયું કે—"કબર ઉપર એક માણસ છે ?"

દિલ્હીશ્વરનું શરીર અજાયબીથી કંપી ઉઠયું. તેઓ નિશ્ચય કરી ન શક્યા. આટલી રાત્રે કબર ઉપર આવીને કોણ બેસે ? ધીરજ પકડીને તેઓ હિંમતથી કબર તરફ આવવા લાગ્યા. જમુનાનું પાણી ખળ ખળ રાત્રિ–દિવસ વહેતું તેથી એક ખડક ઘસાઇ કોરાઇને ઘણો પાતળો થઇ ગયો હતો, અને નીચે પોલાણ દેખાતું હતું. ત્યાં ચન્દ્રનાં કિરણો પ્હોંચી શકતાં નહોતાં. બીજી લહરિઓ ચનકતી નાચતી ઉછળી ત્યાં ડૂબી જતી. બાદશાહ નદી પાર થવા નીચે ઉતર્યા. ત્યાં તો પથ્થર નદીમાં તુટી પડ્યો હોય તેવો ધબકારો થયો. બાદશાહનું હૈયું ધબકવા લાગ્યું. તેઓ ભયભીત થઇ આજુબાજુ જોવા લાગ્યા. પહેલી નજર કબર તરફ કરી તો તે પર પેલો માણસ આ વખતે નથી.

વળી અચરતીથી ચારે તરફ નજર ફેરવી પણ કોઇ દીઠામાં આવ્યું નહિ. તે જલ્દી

જલ્દી પાર થઇ કબર આગળ આવી પહોંચ્યા. ત્યાં જતાં જૂવે છે તો કેટલાક ધોળા તથા કાળા પત્થરના કકડાઓ એક ઠેકાણે વેરાયલા પડ્યા છે. જરા વધારે બારીકાઇથી જોયું તો કાળા પત્થરની જમીનમાં સફેદ પત્થરને જડીને કોઇ અજાણ્યા હાથે અક્ષરો બેસાડ્યા છે. બાદશાહે જરા નીચા નમી ચાંદનીના અજવાળામાં જરા વિસ્મિત ચિત્તે તે અક્ષરો વાંચવા માંડ્યા. ફારસી હરફમાં કબરની બન્ને બાજુએ લખ્યું હતું કેઃ—

**" સેલિમા "**

**" માહરૂન "**

જરા પાછા ખસી કબરની કોર પર નજર કરે છે તો કેશરથી લખેલા સ્પષ્ટ હરફ વંચાયાઃ—

" એવાયે દિવસો પ્રિય જીવન વહી ગયા ! "

સહી. " દિવ્ય જીવનનો પ્રવાસી "

ઉપરાંત કબર પર ખાસ વેરેલાં જાતજાતનાં ખુશબોદાર ફુલ ગોઠવાઇ રહ્યાં હતાં. જરા બારીક નજરથી ગોઠવણી તેને પણ નિહાળી જોઇ તો સફેદ ફુલની જમીન કરીને વચ્ચે રાતાં ફુલથી લખ્યું છે કેઃ—

**" સેલિમા "**

**" માહરૂન "**

આ જોઇને બાદશાહની અધીરતી ઉડી ગઇ, અને ભય પેદા થયો. તેમને હવે કંઇ ભાન રહ્યું નહિ. અને દિવાનાની હાલત અખત્યાર કરતા હોય તેવા બન્યા. ઉજ્જડ વેરાન જેવા જંગલની અંદર આવે વખતે તેઓ બસ બુમોજ મારવા લાગ્યાઃ—" માહરૂન ! માહરૂન ! ક્યાં છે તું ? એક વાર ત્હારૂં મ્હોં જોવા દે ! તું હવે બેહસ્ત નશીન થઇ રહ્યો છે. ઓ દિવ્ય જીવનના અટપટા પ્રેમ માર્ગના પ્રવાસી ! બાર, મ્હારી સેલિમાના ખબર આપ. મ્હારા પર મહેરબાની કર. હું દુનીઆનો બાદશાહ છું; પણ **ઓ મ્હોબતી ફિરસ્તા** તારો ગુલામ છું. ત્હારી માફી ચાહું છું. મારા શાહી સામ્રાજ્યમાં પ્રેમનો છાંટો, પવિત્રતાનો અંશ કે દિવ્યતાનું દર્શન સ્વપ્નામાંએ નથી. કારણ કેઃ—

ભલે હો શાહ કે સુલતાન, ભલે હો દેવ કે દાનવ !
પરંતુ પ્રેમની નજરે, બીચારા પામરો એ છે !
ક્હાં સામ્રાજ્ય પ્રીતિનું, પ્રભુતાથી ભર્યું વિશ્વે !
ક્હાં નિષ્ઠુર સ્વાર્થિ એ, કહો સામ્રાજ્ય શાહી તે !

પા. ક.

હિંદુસ્તાનના શાહનો પોકાર સાંભળી કોઇએ આવ્યું નહિ. કોઇએ જવાબ આપ્યો નહિ. માત્ર પડઘાના શબ્દો જંગલની ઝાડીમાં પછડાઇ-શમ્યા. પાછી હતી તેવી ને તેવી ચૂપકીદી પથરાઇ.

ચાંદની તો હજુએ હસતી હતી; એ મધુર હાસ્ય શાહને કડવું-અકારૂં લાગ્યું. નિરાશ અને ખિન્ન મનથી વિચારોમાં ગમગીન એવી હાલતમાંજ થોડી વાર તેઓ સ્તબ્ધ ઉભા. અત્યારે ત્હેમની અવસ્થા સર્વસ્વ ગુમાવી બેઠેલા ભગ્નહૃદય માનવી જેવી હતી. ધીમે ધીમે તેઓ મહેલ તરફ પાછા ફર્યા. કોણ જાણે કેમ તેમના નેત્રદ્વારે અશ્રુબિન્દુઓ ઉભરાતાં ને ઢળતાં !

થોડે દૂર ગયા ત્યાં ફરી પાછી એની એ સંગીતલહરિ ચાલુ થઇ. પણ આ વખતે પેલો મીઠો બંસરીનો અવાજ સાથે ન હતો. ફક્ત એ કિન્નરકંઠી ગીતજ બાદશાહે ઘડી ઉભા રહી

સાંભળ્યું. ગીતના બોલેબોલ હવે હેમને સ્પષ્ટ સહમજાવા લાગ્યા. અચ્છો સૂર ઘૂંટીને ગાય છે, સેલિમાનું પેલું હમેશાંનું પ્યારૂં ગીત.

" દુખવા મેં કૈસે કહુ મેરી સજની ! "

એજ પેલું જાણીતું ગીત. સેલિમાને મ્હોંયેથી તે હજારો વાર સાંભળેલું, પણ આજ તેના ગંભિર ભાવની છાપજ ઓર જણાઇ.

મોતીમહેલમાં ફરી ફરી આખરે કંટાળી બિછાનાનો આશ્રય લીધો. પણ બાદશાહને કંઇ કળ પડી નહિ. મોતીમહેલની ઉઘાડી બારીઓમાંથી પેલી સંગીત લહરિઓ ફરી ફરીને આવવા લાગી. આમ રાત ઉપર રાત વીતવા લાગી. પણ નદીતીર ઉપરની પેલી કબર આગળથી કોઇ વખત બંસીના સૂરાવટ કાં કોઇ ફિક્રફંદલહક એમ કંઇકે કંઇકે બાદશાહને કાને પડતું. શાહજહાનને પોતાની પ્રિય બેગમની યાદ જીગરમાં સળગતી રહેતી જણાઇ. આખરે એ બધું વિસરી જવા રાજકાજનાં મન રોકવા શાહજહાન કાશ્મિર છોડી દિલ્હી પાછા ફર્યા.

---

## પ્રકરણ ૧૦ મું.

### ઉપસંહાર.

એક રાત્રે સ્વચ્છ શરદીકશા ચાંદનામાં સેલિમાના સમાધિ સ્નાન કરતી હતી; હેના ઉપર કોઇ ચોધાર આંસુએ ને સમાધિ પલાળતું નીચે મ્હોંયે બેઠું છે. ધીરે ધીરે તેણે ઉંચું જોયું તો ચન્દ્ર સમસ્ત વિશ્વને પોતાના ધવલ કિરણો વડે હસતો-હસતો જણાયો. આંસુ લ્હોઇ તેણે પાક પરવર દિગારના નામોચ્ચાર સાથે પોતાનાં નેત્ર મીચ્યાં ને ધ્યાનમાં લીન થયો. ધીરે ધીરે સત્યદેહ તે કબરપર ઢળવા લાગ્યો. તેણે આલિંગન દેતો હોય તેમ તે કબરને બાથ બાંડી, ને મુખ બોલવા લાગ્યું:-"પ્રાણજીવન સખે ! સેલિમે ! તારો આદેશ શિરસાવંદ્ય છે. કબુલ છે, જીવતાં ત્હને માત્ર દર્શનથીજ ચાહી અને તે પછી મ્હેં તોઃ—

" જગાવ્યો પ્રેમનો આહલેક્-પ્રભૂના આંગણે ઉભી ! "

પ્રાણ ! ત્હારા વિયોગે આજ સુધી જીવ્યો. પણ ત્હને સ્મરવાજ ત્હારા પ્રત્યે કદી પણ સ્થૂલ દ્રષ્ટિએ જોયું નથી. દેવી ! ક્ષમા કરજે. મ્હારા પ્રેમ સામ્રાજ્યમાં તોઃ—

"નથી જ્યાં સ્થૂલનાં સ્વપ્નાં-નિરંતર આત્મસાં દર્શન "

" પરાગો પ્રેમના પુરી-કરાવે આત્માના સંયમ "

એ સનાતન સિદ્ધાંતજ મ્હેં મુદ્રિત કર્યું હતું. અને હવે તો એ મુગ્ધ કુસુમ કલિકે !

પ્રભૂશાં લ્હાણલાં લેવા—પીવા સત્પ્રેમ શિરાઝી,

ઝિલવી આત્મ આંગણિયાં—પ્રભૂ પોતેય બીરાજી—

કરાવે આપનાં દર્શન ! "

એજ અંતિમ ઇચ્છા. પ્રાણ આવો હવે આપણે બેઉ પ્રભૂ પાસે જઇએ. અલૌકિક પ્રદેશમાં વિચરીએ. હવે આ સ્થૂલ વિશ્વમાં વસવાની જરૂર નથીજ. ચાલો ઉઠીયે. સખી આ આવ્યો હું. "

બોલતાં બોલતાં મ્હારૂનના પંચપ્રાણ ઉડી ગયા. તેનું મૃત શરીર કબરપર ઢળી પડ્યું. દિવ્યજ્યોતિર્મય કિરણો ફેલાવતું પડી રહ્યું. દિવ્ય જીવનનો પ્રેમઘેલુડો પ્રવાસી પોતાનો પ્રવાસ પૂર્ણ કરી પ્રભુપદ પાસે પોતાની જીવન સખિ સાથે જઈ ઉભો રહ્યો. પ્રેમ–પ્રેમી ત્હમને ધન્ય છે. પ્રણામ કુસુમાંજલિઓ હમારી તમારે ચરણે ! × × × ×

શાહ દિલ્લી જહાં મુમતાજના મોહમાં આ પછી અંગનાઈ સેલિમાને ભૂલ્યા હતા. પણ માહરૂન–સેલિમાની કબર હજુએ આ લયલા–મજનું સમા દિવ્ય યુગલના પ્રેમ સંગીત રેલાવતી હજી કાશ્મીરના ગિરિવન પ્રદેશમાં ઉભી છે. મ્હારા ભારતવર્ષમાં એવાં પ્રેમી યુગલો પાકો એ શુભેચ્છા સાથે સર્વાંતર્યામીને ચરણે પ્રાર્થના કે:—

અમહિન્દ આંગણુંએ હસો, રસ દિવ્ય નિર્ઝર ઝરણીઓં;
ઝરતાં યુગલ પ્રભુ બાળશાં, શુચિ પ્રેમ અંતર નીતર્યાં.
ઉભરાવ ભારત ભવ્ય ભૂતનો ! દિવ્ય પ્રભુશાં બાળથી;
નવ ચેતના વિશ્વે જગાડો, **પ્રેમ પ્રેમ** પુકારતી !

**પાદરાકર.**

# स्वीकार समाचार.

**પાંત્રીસ બોલ:—**( સરલ અર્થ સાથે. ) તેના પ્રસિદ્ધકર્તા દુર્લભદાસ કાલીદાસ તરફથી ભાવનગર. **ભવિષ્યફળ:—**( ચૈત્રી સંવત ૧૯૭૩ નું ) રા. રા. હીરાલાલ વર્ધમાન શાહ. વઢવાણ નિવાસી. **શ્રાવક શ્રાવિકાધર્મ:—**રા. રા. અમરતલાલ જગજીવનદાસ ભાવનગર.

**સમાચાર.**

પૂજ્યમુનિમહારાજ શાસ્ત્રવિશારદ આચાર્ય શ્રી વિજયધર્મ સૂરિજીને શાહપુરના જૈનસંઘ તરફથી અત્રે ઘણી ધામધુમ પૂર્વક પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. તેઓશ્રીએ શેઠ. મનસુખભાઈ ભગુભાઈને વંડે તથા ઝવેરીવાડામાં, તેમજ પતાસાનીપોળમાં, તથા ઝાંપડાનીપોળમાં, **પુરૂષાર્થ-સિદ્ધિ, આત્મોન્નતિ ખરો દયા ધર્મ** વિગેરે જમાનાનુસાર ઉપયોગી વિષયો ઉપર જાહેર ભાષણો આપ્યાં હતાં. માણસોની મેદની દરેક વખતે ઘણીજ ચિકાર ભરાઇ હતી. અને સૌ કોઈ એવી રીતની ઉદ્ઘોષણા કરતા હતા કે. "જો મુનીમહારાજાઓ આવી રીતે જાહેર ભાષણો આપે તો જૈન કોમ તેમજ અન્યકોમ ઉપર પણ ઘણો ઉપકાર થઇ શકે, જમાનાનુસાર આવી રીતે ઉપદેશ કરવાની ઘણી જરૂર છે" આ પ્રસંગે તેમના શિષ્ય **ન્યાયતીર્થે** વિગેરેએ પણ જૈન સમાજને આકર્ષણ કરે તેવાં બુલંદ અવાજે ભાષણો આપ્યાં હતાં. અત્યારના જમાનાનુસાર **ઉભા રહીને ભાષણો કરવાં** તેની આચાર્ય શ્રીજીએ શેઠ ભગુભાઈને વંડે પોતાના પ્રથમ ભાષણ વખતે પુષ્ટિ કરી હતી તે યોગ્યજ કહી શકાશે.

અમો અમારા માસિકમાં પૂજ્ય મુનિમહારાજાઓએ જાહેર ભાષણો કરવાં જોઇએ. તેવી રીતની વિચાર શ્રેણીઓ ઘણા વખતથી પ્રગટ કરીએ છીએ. અને હાલ તે મુજબ કેટલું પ્રવર્તન જોઇ અમોને ઘણો આનંદ થાય છે. હાલ જે મુનિમહારાજાઓ જાહેર ભાષણો આપે છે. તેની અમો અનુમોદના કરીએ છીએ અને આશા રાખીએ છીએ કે દરેક મુનિમહારાજાઓ આવી રીતનું અનુકરણ કરશે.

તેઓશ્રીએ અત્રે થોડો વખત રહી પોતાના શિષ્યો સહિત વિહાર કર્યો હતો.

# સરદાર સર ચીનુભાઇ માધવલાલ બેરોનેટનો દેહોત્સર્ગ.

અમોને લખતાં અત્યંત દીલગીરી ઉપજે છે કે રાજનગરના રત્ન ગુર્જર ભૂમિના આભુષણરૂપ સરદાર સર **ચી**નુભાઇ માધવલાલ ફક્ત ત્રણ દિવસની ટુંક માંદગી ભોગવી હાર્ટ ડીસીઝના ભયંકર રોગથી ૫૨ વર્ષની વયે પાછળ એક વિધવા, એક નવ વર્ષની ઉમ્મરનો પુત્ર, અને ત્રણ પુત્રીઓને વિલાપ કરતી મુકી તેમજ સમસ્ત અમદાવાદના શહેરીઓને ગમગીની વચ્ચે મુકી શહેરી પીતા તા. ૩-૩-૧૬ નો રોજ ગુરૂવારે આ ફાની દુનિયાનો ત્યાગ કરી ગયા છે. તેઓના અકાળ મૃત્યુથી સમસ્ત શહેરમાં દીલગીરી છવાઇ રહી હતી, અને શહેરમાં સખ્ત હડતાલ પડી હતી. તેમજ અત્રે સરકારી ખાતાંઓ પણ બંધ કરવામાં આવ્યાં હતાં.

મર્હુમ સ્વભાવે ઉદાર, દયાળુ, પરોપકારી અને સખાવતે બહાદુર હતા. તેઓનો વિદ્યા, સાહિત્ય, સંસ્કૃત અને દેશનો ઉદ્યોગ ખીલવવા પ્રતિ અવર્ણનીય પ્રેમ હતો. તેઓ દેશના ઉદય માટે પ્રાણ પાથરનાર, સદાચારના ગુણે કરી અલંકૃત, ઉત્તમ વિચારક અને પોષક હતા તેમજ ઘણા નમ્ર અને ધર્મનિષ્ટ હતા. તેમણે દેશોદય અર્થે કેળવણીના કાર્યે પાછળ રૂપીઆ ૧૮ અઢાર લાખની જાહેર સખાવતો કરી છે; તેમજ પોતાના મરણ સમયે પણ સાંભળવા પ્રમાણે ૩૦ લાખ જેવી નાદર રકમની સખાવત કરી છે. ધન્ય છે આવા દયાળુ દૈવી પુરૂષને! તેમનું આ દુનિયામાં જીવ્યું અને જન્મ્યું પ્રમાણ છે. ધન્ય છે તેમની જનેતાને અને ગુર્જર ભૂમિને!! તેમની મોટી સખાવતો જોઇ સરકારે સને ૧૯૦૭ માં તેઓને સી. આઇ. ઇ. સને ૧૯૦૯ માં પહેલા વર્ગના સરદારનો સને ૧૯૧૦ માં નાઇટહુડનો અને તે પછી બેરોનેટનો ખેતાબ બક્ષ્યો હતો. તેઓ સરકારને પૂર્ણ વફાદાર હતા. તેઓના મરણથી એકલા ગુજરાતનેજ નહિ પરંતુ સમસ્ત ભારતવર્ષમાં એક અસાધારણ નરરત્નની ખોટ પડી છે. તેમના મરણની દીલગીરી પ્રદર્શિત કરવા તેમજ તેમનું સ્મારક ઉભું કરવા અત્રે પ્રેમાભાઈ હોલમાં અને અત્રેના નગરશેઠના વંડે શહેરીઓની મીટીંગો મળી હતી. અત્રે જે અમદાવાદમાં મીલ ઉદ્યોગનો જે મોટા પાયાપર ધીકતો વેપાર ચાલે છે અને પાણીના નળ તેમજ ડ્રેનેજ વિગેરેનું જે અત્રેની પ્રજા સુખ ભોગવે છે તે સઘળું તેમના કુટુંબનેજ આભારી છે. આવા એક ધર્મવીર, દયાળુ, દીર્ઘદ્રષ્ટી અને સખાવતે બહાદુર નરરત્નના અકાળ મરણ માટે એવું તે કયું હૃદય હશે કે જે આ હૃદયભેદક અને મનોવેધક મરણની ખબર સાંભળી ચિરાયા વિના રહ્યું હશે અને જેનાં દ્રગયુગલ અશ્રુથી ભીંજાયા વિના રહ્યાં હશે!

અમો અત્રેના સમસ્ત શહેરીજનોને આ સ્થળે વિજ્ઞપ્તિ કરવા રજા લેઇએ છીએ કે જેવી રીતે સરદાર સર **ચી**નુભાઇએ દેશના અભ્યુદય માટે ગુર્જર ભૂમિના ઉત્કર્ષ અર્થે આશરે રૂ. ૫૦) લાખની સખાવતો કરી છે તેમજ અત્રેના કેટલાંક ગરીબ કુટુંબને ખાનગી સહાય આપી પોષ્યાં છે. આવી રીતના તેમના પરમાર્થ કાર્યની યોગ્ય પિછાણ-કદર બુજી સમસ્ત શહેરીઓએ તેમજ દેશના નેતાઓએ તેમનું ઉત્તમ પ્રકારે સ્મારક કરવું જોઇએ એ તેમની ફરજ છે. ઇશ્વર તેઓના અમર આત્માને અખંડ શાંતિ મળો તેમજ તેમના કુટુંબને દિલાસો મળો એવું અંતઃકરણથી પ્રાર્થીએ છીએ.

# બોર્ડીંગ પ્રકરણ.

## બક્ષિસ ખાતે.

૨૦૦-૦-૦ સ્વ. શા. મર્હુમ શેઠ જમનાદાસ જેઠાભાઈના કોડીશીઅલ વીલની રૂએ તેના ટ્રસ્ટી રા. રા. શેઠ રણછોડદાસ જેઠાભાઈએ આપ્યા તે હા. પોતે. અમદાવાદ ફોફાળટની પોળ.
૩-૮-૦ બોર્ડીંગના વિદ્યાર્થી શા. જેઠાલાલ ચુનીલાલ. મનીઓડરથી આવ્યા તે. સાદરા.
૪-૦-૦ રા. રા. કેશવલાલ અમથાલાલ વકીલ, હા. પોતે. અમદાવાદ નગીનાપોળ.
૫-૦-૦ રા. રા. શેઠ હરીભાઈ પ્રેમાભાઈ હા. શેઠ. સારાભાઈ હરિભાઈ બા. બેન. વીધાના લગ્ન પ્રસંગની ખુશાલીના, અમદાવાદ પતાસાનીપોળ.
૨-૦-૦ રા. રા, વાડીલાલ મનસુખભાઈ, હા. પોતે. બા. બ્હેન. મેનાના લગ્ન પ્રસંગની ખુશાલીના, અમદાવાદ પતાશાનીપોળ.
૧-૦-૦ ફતેચંદ બાલચંદ, હા. પોતે. બા. ચીમનલાલના લગ્ન પ્રસંગની ખુશાલીમાં અમદાવાદ. નાગજીભુધરનીપોળ.

૨૧૫-૮-૦.

## માસિક મદદ ખાતે.

૪-૦-૦ રા. રા, વેલચંદભાઈ ઉમેદચંદ વકીલ. હા. પોતે, બા. માસ ૪) જુલાઈ, અગષ્ટ સપ્ટેમ્બર, તથા ઓકટોબરના સં. ૧૯૧૫ ના.
૧૨-૦-૦ રા. રા: ઝવેરી ચંદુલાલ લલ્લુભાઈ. હા. પોતે. બા. માસ જુલાઈથી તે ડીસેમ્બર સુધીના માસ ૬) ના સં. ૧૯૧૫ ના.
૪-૦-૦ રા. રા. ચીમનલાલ પોપટલાલ હા. પોતે. બા. સં. ૧૯૧૪ સપ્ટેમ્બરથી ડીસેમ્બર સુધી માસ ૪) અમદાવાદ. પતાસાનીપોળ.

૨૦-૦-૦,
૨૩૫-૮-૦.

## ઉપકાર.

અમોને જણાવતાં અત્યાનંદ થાય છે કે બોર્ડીંગ હિતાર્થે લગ્ન પ્રસંગને માટે બોર્ડીંગના માનવંતા પ્રેસીડન્ટ શ્રીયુત શેઠ જગાભાઈ દલપતભાઈ બી, એ. તથા તેના ઑ. સેક્રેટરી વકીલ મોહનલાલ ગોકલદાસ બી. એ. એલ. એલ. બી. ની સહીથી લગ્ન પ્રસંગ નિમિત્તે જે પત્રિકાઓ કાઢી હતી તેને જે જે સદ્‌ગૃહસ્થોએ સન્માન કર્યું છે તેના માટે તેઓનો આ સ્થળે અમો આભાર માનીએ છીએ. અને આશા રાખીએ છીએ કે દરેક બંધુઓ તેવી રીતે સન્માન કરી આભારી કરશે. આ સ્થળે અમો અમેની અહીં નાતના શેઠીઆઓને વિજ્ઞપ્તિ કરીએ છીએ કે દરેક જ્ઞાતિના નેતાઓ-સજ્જનો પોતાની જ્ઞાતિના સંમેલન વખતે આને પુષ્ટિ આપશે અને દરેક પોતાના જ્ઞાતિ બંધુઓને લગ્ન પ્રસંગ જેવા માંગલિક ટાંણા પ્રસંગે બોર્ડીંગને મદદ કરવા વિજ્ઞપ્તિ કરી બોર્ડીંગને આભારી કરશે એવી આશા રાખીએ છીએ.

## પ્રીવીઅસની પરીક્ષા.

પ્રીવિઅસની પરિક્ષામાં બોર્ડીંગના ત્રણ વિદ્યાર્થીઓ આ વખતે બેઠા હતા. તેમાં મિ. અંબાલાલ ત્રીભોવન તથા મિ. છનાલાલ કાળીદાસ પાસ થયા છે .

## શ્રી જૈનશ્વેતાંબર કોન્ફરન્સ ધાર્મિક ઇનામી પરીક્ષા.

ઉપરની પરીક્ષામાં બીજા ધોરણ अ માં મો. વાડીલાલ મગનલાલ તથા મો. વાડીલાલ નાથજી પાસ થયા છે.

## જૈન પ્રજા માટે એક નિર્ભય અને ભરૂસાપાત્ર ઠેકાણું !



## કે જયાં અગાડી



અપટુડેટ ફેશનના

# સોનાના! મસીન પૉલીસ દાગીનાઓ

## ની સેંકડો ફેશનોનો મોટો જથ્થો તૈયાર રહે છે !

અને નિર્ભય રીતે તદ્દનજ ચોખ્ખું અને સફાઈબંધ ફેન્સી કામ ઘરાકોના સોનાનું કીફાયત મજુરીથી અને ઘણીજ ઝડપથી વાયદેસર બનાવી આપવામાં આવે છે.

તૈયાર દાગીનાઓની **મજુરી કાપી** નાણાં પાછાં આપવાની **લેખીત ગેરંટી** મળે છે.

ઇંગ્લીશ જ્વેલરી, રોલ્ડગોલ્ડ જ્વેલરી, અને ચાંદીની સેંકડો ફેશનેબલ ચીજોનો જંગી સ્ટોક તૈયાર રહે છે. ખાસ વિલાયતથી આવેલા બીલીયાન કટના હીરાઓ, માણેક, પાના, વિગેરે ઝવેરાતનું કામ ઘરાકો અને વહેપારીઓનું સગવડ પડતી રીતે કરીએ છીએ.

## રૉયલ જ્વેલરી માર્ટ.

**પ્રોપ્રાયટર—ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી.**

૪૫૬ રીચીરોડ—**અમદાવાદ.**

# ગોદરેજના સેફટી કૅશ બાક્સો.

આ પેટી ટેબલ ઉપર અથવા કબાટમાં જડવાથી ચોરથી ઉપાડીને લઈ જઇ શકાતી નથી. તેમજ સ્ટીલના એક પતરામાંથી અખંડ બનાવેલ હોવાથી અને મજબૂત કળ બેસાડેલ હોવાથી ચોરથી તુટવાની ધાસ્તી રહેતી નથી. સારી તીજોરીની ગેરહાજરીમાં આ પેટી બહુ ઉપયોગી છે.

પેટીનું માપ ૧૪"×૧૦"×૬". કીમત રૂ. ૧૮.
"ગાર્ડીઅન" કળવાળીના (ચારચાવી) „ રૂ. ૨૩.

---

# ગોદરેજના કબાટમાં જડવાનાં પેટંટ ખાનાં.

આ ખાનાં કબાટમાં સ્ક્રુવતી જડવાથી ચોરથી કાઢી શકાતાં નથી, તેમજ સ્ટીલના એક પતરામાંથી અખંડ બનાવેલ હોવાથી અને ઘણી મજબુત કળ બેસાડેલ હોવાથી ચોરથી તોડી પણ શકાતાં નથી.

નવા કબાટમાં લાકડાના ખાનાનો ખરચ બચાવી તેને બદલે આવા લોખંડના ખાનાં બેસાડવાનો ફાયદો સૌ કોઇ સમજી શકશે.

ખાનાનું માપ ૧૪"×૧૨"×૬" કીમત રૂ. ૨૭.
દરેક પ્રદર્શનમાં (૧૪ પ્રદર્શન) પહેલાં ઈનામ-સોનાના ચાંદ મળ્યા છે

**ગોદરેજ અને બાઈસની કંપની,**

શાખાઃ-રીચીરોડ-અમદાવાદ.